સુવિચાર

"જે નિરાશા ને ક્યારેય જોતાં નથી
તે આશા પણ ક્યારેય ખોતા નથી,
અને જે પ્રયત્ન પર જીવી જાણે છે
તે કિસ્મત પર ક્યારેય રોતા નથી."

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:8, Issue: 93, Dt.31-01-2023 (Tuesday)

Email ; saurashtrakranti@gmail.com

saurashtrakranti
Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

egistration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

મહાનગરપાલિકાનું નવા વર્ષનું રૂ.૨૫૮૬.૮૨ કરોડના અંદાજો દર્શાવતું બજેટ રજુ

મનપા દ્વારા પહાડ જેવા વેરા વધારાની જનતાને 'નવા વર્ષની ભેટ'?

રાજકોટની પ્રજા પર ૧૦૧ કરોડના નવા કરબોજની દરખાસ્ત : પાણીવેરો રૂ.૮૪૦માંથી ૨૪૦૦ કરવા ભલામણ : ગાર્બેજ, પ્રોપટી ટેકસમાં પણ વધારો : પર્યાવરણ ચાર્જ દાખલ,ખુલ્લા પ્લોટનો વેરો ડબલ : થિયેટર ટેક્સમાં પર શોના રૂ. ૧૦૦ના રૂ. ૧ હજાર સુચવાયા

અમદાવાદ, વડોદરાની જેમ પ્રથમ વખત એન્વાયરમેન્ટ ચાર્જ બીલમાં ઉમેરાશે : રહેણાંક નહીં, માત્ર ૫૦૦ ફુટથી ઉપરની દુકાનોમાં જ અમલ

ટેક્સ વધારવામાં પાછી પાની કરે ઈ'બીજા! રોડ-રસ્તાના ભુક્કા નિકળી જાય તો પણ પ્રજાના પૈસે એજન્સીઓને લીરા લહેર..!?

હવે બધુ શાસકોના હાથમાં...

સ્થાયી સમિતિમાં શાસકો કેટલો કર વધારવો, વધારો કરવો કે નહીં તે સહિતના અંતિમ નિર્ણયો લેશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય) રાજકોટ, તા.૩૧

નવા વર્ષના પ્રારંભે જ રાજકોટની જનતાને મહાનગરપાલિકાએ આકરા તોતિંગ વેરા વધારારૂપી 'નવા વર્ષની ભેટ' ધરી છે. રાજકોટ મહાનગરપાલિકાના નવા નાણાંકીય વર્ષના રૂ.૨૫૮૨.૮૬ કરોડના અંદાજીત કદ ધરાવતા બજેટમાં પ્રજા પર પ્રચંડ વેરા વધારો ઝીંકવામાં આવ્યો છે. મિલ્કત અને પાણી વેરામાં ભારે મોટો વધારો સુચવીને રાજકોટની જનતા પર પહાડ જેવો બોજો લાગુ કરીને મહાનગરપાલિકાના બજેટમાં લોકોને વેરા વધારાનો ડામ આપતી ઢગલાબંધ દરખાસ્તો સુચવવામાં આવી છે અને કુલ રૂ.૨૫૮૨.૮૬ કરોડનું કદ ધરાવતા મનપાના ડ્રાફટ બજેટમાં મિલ્કત વેરા અને પાણી વેરામાં ભારે વધારો જાહેર કરવામાં આવ્યો છે. એટલું જ નહીં પર્યાવરણના નામે નવો વેરો પણ ઝીંકી દેવામાં આવ્યો છે. થીયેટર ટેક્ષમાં પણ વધારો લાગુ કરવામાં આવ્યો છે. ડ્રાફટ બજેટમાં મિલ્કત વેરામાં કાર્પેટદીઠ રૂ.૨ થી ૪ નો વધારો લાગુ કરવામાં આવ્યો છે. એ જ પ્રકારે પાણી વેરામાં પણ રૂ.૨૦૦ થી ૪૦૦ નો અસહ્ય વધારો ઝીંકી દેવાની દરખાસ્ત કરવામાં આવી છે. પાણી વેરાની વાત કરીએ તો રેસીડેન્સીયલમાં ૩ ગણો વધારો અને કોમર્શિયલના ૪ ગણો વધારો સુચવીને રાજકોટની જનતા પર વેરા બોજ ઝીંકવામાં આવ્યો છે. મનપાએ લગભગ રૂ.૧૦૧ કરોડનો નવો કરબોજ લાગુ કરવાની દરખાસ્ત કરી છે. મનપાના નવા બજેટમાં પર્યાવરણના નામે નવો વેરો જાહેર કરાયો છે એ જ રીતે થીયેટર ટેક્ષમાં પણ વધારો ઝીંકવામાં આવ્યો છે. વૃક્ષના છેદન બદલ રૂ.૫ હજારનો દંડ ફટકારવાની બજેટમાં દરખાસ્ત કરવામાં આવી છે. એટલે આ નવા વર્ષનું મનપાનું નવું બજેટ રાજકોટવાસીઓ માટે ખિસ્સા પર અસહ્ય વધારાનો બોજનો અણમાનીતો સંદેશો લઈને આવ્યું છે.

નાણાંકીય સંકટ ભોગવતી મહાપાલિકાને તિજોરીને ઓકસીજન આપવા પાણી, ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન, મિલ્કત વેરા સહિતના વેરાઓમાં કુલ ૧૦૧ કરોડનો વધારો સૂચવ્યો છે. પાણી વેરામાં ત્રણ ગણો વધારો કરવા કમિશ્નરે ડ્રાફટ બજેટમાં ભલામણ કરતા હવે સ્થાયી સમિતિમાં ભાજપ શાસકો કેટલો કર વધારવો, વધારો કરવો કે નહીં તે સહિતના અંતિમ નિર્ણયો લેશે. મનપાના નવા વર્ષના બજેટમાં રહેણાંકમાં પાણીવેરો રૂ. ૮૪૦માંથી ત્રણ ગણો કરીને ૨૪૦૦, બિન રહેણાંકમાં રૂ.૧૬૮૦ના રૂ. ૪૮૦૦ કરવા દરખાસ્ત મૂકવામાં આવી છે. તો ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન ટેકસ પણ ત્રણ ગણો, મિલ્કત વેરામાં પ્રતિ

(બાકી પાનાનં.૪ પર)

રાજકોટ મહાપાલિકા બજેટ હાઈલાઈટ્સ

- કટારિયા ચોકડીએ બ્રિજ બનાવવા
- પીડીએમ ફાટકે બ્રિજ બનાવાશે
- રેલવે જંકશન સ્ટેશન રોડ પહોળો કરાશે
- કાલાવડ રોડ પહોળો કરાશે
- અમિન માર્ગ પહોળો કરાશે
- રામવનમાં ફૂડઝોન બનશે
- ત્રિકોણબાગથી માલવિયા ચોક સુધીનો રોડ પહોળો કરાશે
- નવા ભળેલા ગામોમાં ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ
- જામનગર રોડ પરનો સાંઢિયાપુલ નવો બનાવાશે
- થિયેટર ટેકસમાં દસગણો વધારો કરાયો
- હેમુ ગઢવી રેલવે લાઈન નીચે નવું નાલુ બનાવાશે
- ખુલ્લા પ્લોટ પરનો ટેકસ બમણો કરાયો
- નવી ૧૦૦ સીએનજી બસ આવશે
- આરોગ્ય કેન્દ્રોમાં ચાર ડાયાલિસીસ યુનિટ મુકાશે
- નવી ૧૦૦ ઇલેકટ્રીક બસ આવશે

નવી અદ્યતન વોર્ડ ઓફિસ

રાજકોટ મહાનગરપાલિકાનાં નાગરિકોને પોતાના જ વિસ્તારોમાં મહાનગરપાલિકાની જુદી – જુદી સેવાઓ મળી રહે તે માટે વોર્ડ નં. ૩, ૫, ૧૨, ૧૫ તથા નવા ભળેલા વિસ્તાર માધાપરની નજીક રેલનગરમાં નવી અદ્યતન સુવિધાસભર વોર્ડ ઓફિસ મળે અને મહાનગરપાલિકાને લગતા લોકોના કામો ઘર આંગણે જ સરળતાથી પરિપૂર્ણ થાય તે માટે વર્ષ ૨૦૨૩-૨૪માં અંદાજીત કુલ રૂ. ૫૩૦.૦૦ લાખના ખર્ચે આ કામનું આયોજન કરવામાં આવેલ છે. જે પૈકી નવા વિસ્તાર માટે અંદાજીત રૂ. ૨૦.૦૦ લાખના ખર્ચે આ કામનું આયોજન છે.

જન સુવિધા તથા સુવિધાસભર આધાર કેન્દ્ર :-

રાજકોટ મહાનગરપાલિકાનાં સેન્ટ્રલ ઝોન મુખ્ય કચેરી ખાતે લોકોને મહાનાગપાલિકની વિવિધ સુવિધાઓ એક જ જગ્યાએ મળી રહે તે માટે હૈયાત સિવિક સેન્ટર તથા આધાર કેન્દ્રને વધારે આધાર કીટ અને કર્મચારીઓ ફાળવી મહતમ લોકો અદ્યતન, સુવિધાસભર આધાર કેન્દ્ર તથા જન સુવિધા કેન્દ્રનો લાભ લઈ શકે તે માટે વર્ષ ૨૦૨૩-૨૪માં અંદાજીત કુલ રૂ. ૫૦.૦૦ લાખના ખર્ચે આ કામોનું આયોજન છે.

કોમ્યુનીટી હોલ તથા ઓડીટોરીયમની સુવિધાઓ :-

રાજકોટ શહેરમાં લગ્ન પ્રસંગો તેમજ અન્ય પ્રસંગ કરવા માટે લોકોને વધારે સારા અને સુવિધાસભર હોલ મળી રહે તે હેતુથી વિવિધ જગ્યાએ નવા કોમ્યુનિટી હોલ/ઓડીટોરીયમ બનાવવાનું તથા અપગ્રેડ કરવાનું વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં આયોજન કરવામાં આવેલ છે. રંગીલા રાજકોટ શહેરના પ્રવેશદ્વાર સમા ગ્રીનલેન્ડ ચોકડી ખાતે આકર્ષક સર્કલ ડેવલપ કરવામાં આવશે, જેમાં વિશાળ કદનું લાયન સ્ટેચ્યુ મૂકી શહેરની ઓળખ પ્રતિબિંબિત કરવાનો પ્રયાસ કરવામાં આવશે. આ કામ માટે રૂ. ૩૫.૦૦ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે.

તુ જોવે ખૂબસુરત સપનાને ઉડાવે હવામાં મુજ દિલને તુટે આ જ્યારે સપના તડપાવે આ દિલને...

મનપાના હસીન સપનાઓ...

ડસ્ટ ફ્રી રોડ

રાજકોટ શહેરના મુખ્ય રસ્તાઓ પર મેઈન કેરેજ-વે માં પેવર બ્લાકા ડામર કાર્પેટ તથા સાઈડ શોલ્ડરના બાકી રહેતા ભાગમાં ફુટપાથ અને પેવિંગ બ્લોક ફીટ કરી સંપૂર્ણ રસ્તો ડસ્ટ ફ્રી રસ્તો કરવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪ માં વેસ્ટ ઝોન વિસ્તારના નાણાવટી ચોકથી વિદ્યુતનગર સુધીનો રોડ, પૂર્વ ઝોનમાં કુવાડવા રોડ થી જૂના મોરબી રોડ, ૫૦ ફુટ રોડ તથા ૮૦ ફુટ રોડ તથા પ્રજાપતિવાડી વાળો રોડ, શકિત ઈન્ડસ્ટ્રીઝ વોર્ડ ઓફીસથી મહેન્દ્ર સંપટ માર્ગ, સીતારામ રોડ થી રાજારામ સોસાયટીથી સંતકબીર રોડ સુધીનો રોડ, ગોકુલનગર આવાસ યોજના રોડ તથા સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં રેલનગર મેઈન રોડ, ઈ.એસ.આર. વાળો ૨૪ મી. રોડ નો સમાવેશ ડસ્ટ ફ્રી રોડમાં કરવામાં આવેલ છે. જેમાં કુલ રૂ ૪૩૦.૦૦ લાખની જોગવાઈ ૧૫ માં નાણાપાંચ યોજના ગ્રાંટ હેઠળ કરવામાં આવેલ છે.

એશિયાટિક લાયન સફારી પાર્ક પ્રોજેકેટ

ઝૂની પાછળના ભાગે રાંદરડા નર્સરી તરફના રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના અંદાજે ૨૦ હેક્ટરથી વધુ જગ્યામાં એશિયાટીક લાયન સફારી પાર્ક બનાવવા માટે સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી, નવી દિલ્હી પાસેથી મંજુરી મેળવવામાં આવશે.લાયન સફારી પાર્ક માટે સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી ઓફ ઇન્ડીયાના નિતિ નિયમ મુજબ પ્રથમ ૨.૭૫ મીટર ઉંચાઈની કમ્પાઉન્ડ દિવાલ તથા ૫.૦ મીટર ઉંચાઈની ચેઇનલીંક જાળીની દિવાલ બનાવવામાં આવશે. સફારી પાર્કમાં પ્રવેશ માટે ૨ વે ગેટ બનાવવામાં આવશે. સફારી પાર્કમાં પ્રાણીઓ માટે નાઇટ શેલ્ટર બનાવવામાં આવશે તથા પાણીનાં પોન્ડ બનાવવામાં આવશે. આ ઉપરાંત સફારી પાર્કની અંદર પોચ ટાવર તથા જુદા-જુદા ઇન્ટરનલ રોડ બનાવવામાં આવશે. સફારી પાર્કમાં પ્રાણીઓ ખુલ્લામાં પ્રદર્શીત કરવામાં આવશે ત્યારે મુલાકાતીઓને ખાસ પ્રકારના વાહનમાં બેસાડી સફર કરાવવામાં આવશે.સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી, નવી દિલ્હી પાસેથી મંજુરી મળ્યે એશિયાટીક લાયન સફારી પાર્ક પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે અને તે માટે વર્ષ ૨૦૨૩-૨૪નાં બજેટમાં રૂ. ૨૦૦ લાખની જોગવાઈ રાખવામાં આવેલ છે.

સ્ટોર્મ વોટર પ્રોજેક્ટ :-

રાજકોટ શહેરમાં મુખ્ય રસ્તાઓ ઉપર વરસાદી પાણી ભરાવાની સમસ્યા ઘટાડવા માટે વર્ષ ૨૦૨૩-૨૪ માં કુલ રૂ. ૨૧૩૯.૦૦ લાખની બજેટ જોગવાઈ વિવિધ હેડમાં રાખવામાં આવેલ છે. જે પૈકી નવા વિસ્તાર માટે અંદાજીત રૂ. ૪૦૦.૦૦ લાખની જોગવાઈ રાખવામાં આવેલ છે, જ્યારે પોપટપરા નાલા પાસે રેલ્વે લાઈન નીચે નવો વોટર વે, રામવનમાં સ્ટોર્મ વોટર લાઈન તથા શહેરના અન્ય હયાત વિસ્તારોમાં રૂ. ૧૭૩૯.૦૦ લાખના ખર્ચ કરવા માટેનું આયોજન કરવામાં આવેલ છે. જેના કારણે મુખ્ય રસ્તાઓ પર ચોમાસા દરમિયાન ટ્રાફિક અવર-જવર સરળ બનશે.

મનપાએ આજે જે સુચીત બજેટ જાહેર કર્યુ છે. તેમાં અનેક યોજનાઓની શહેરીજનોને ભેટ આપી છે. પરંતુ બજેટ જાહેર થતા શહેરીજનોમાં એક ચર્ચા ઉઠવા પામી છે કે જુના બજેટના પણ કામો પણ સમયસર પુર્ણ થયા હોતા નથી. ત્યારે મનપા નવી જાહેરાતો કરશે તે કેટલા સમયમાં પુર્ણ કરાશે તે કઈ રીતે કહી શકાય કે ખાલી સપના બતાવવામાં જ આવે છે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે.

ગરીબી મુક્ત આત્મનિર્ભર ભારતના નિર્માણનો સંકલ્પ કરીએ: રાષ્ટ્રપતિ

સરકારની વિવિધ કામગીરી અને ભાવિ કાર્યક્રમોનો વિસ્તારથી ઉલ્લેખ કરતા રાષ્ટ્રપતિ

(એજન્સી સમાચાર)
નવી દિલ્હી, તા.૩૧

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે ગરીબી મુક્ત આત્મનિર્ભર ભારતના નિર્માણનો સંકલ્પ વ્યક્ત કરવા સાથે જણાવ્યું હતું કે, આજે વિકસિત ભારતના પથ પર સરકાર ચાલી રહી છે. દેશને અનેક સમસ્યાઓમાંથી મુક્તિ મળી છે. આજે અમૃતકાળનો સમય ચાલી રહ્યો છે એટલે આવનારા ૨૫ વર્ષ ભારત માટે ખુબ મહત્વના છે. એટલે દરેક નાગરિકે ૨૦૪૭ સુધી પોતાનું કર્તવ્ય પૂરેપૂરું નિભાવવાનું છે.

રાષ્ટ્રપતિ તરીકે સંસદના બંને ગૃહોના સંયુક્ત સૂત્રોમાં પોતાનું અભિભાષણ આપતા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું હતું કે, આપણે આધુનિક માળખાકીય સુવિધાઓ ઉભી કરી શકયા છીએ. દેશના ડિજીટલ નેટવર્કમાંથી અન્ય દેશો પ્રેરણા લઇ રહ્યા છે. પોલીસી પેરાલીસીસ જેવી અનેક સમસ્યાઓમાંથી ભારત બહાર આવ્યું છે. આજે ભારત વિશ્વની પાંચમાં નંબરની અર્થ વ્યવસ્થા બન્યું છે. ભારત ઉપર આજે વિશ્વની નજર છે. અગાઉ ભારતને પોતાની સમસ્યાઓ હલ કરવા અન્ય દેશો પર નિર્ભર રહેવું પડતું હતું. હવે ભારત વિશ્વના અન્ય દેશોની સમસ્યાઓનું સમાધાન કરી રહ્યું છે.

દેશમાં આજે એવી સરકાર છે જે પ્રગતિની સાથે પ્રકૃતિનું રક્ષણ કરે છે. આજે એક એવી સરકાર છે જે ગરીબોના ઉધ્ધાર માટે કામ કરે છે. મહિલાઓની દરેક સમસ્યાઓને દુર કરવામાં આવે છે. પ્રમાણિકનું સન્માન કરતી આ સરકાર છે. વિરાસતનું જતન કરી આધુનિકતાને આગળ વધારતી આ સરકાર છે. ગરીબી હટાવો હવે માત્ર નારો રહ્યો નથી.

તેમણે જણાવ્યું હતું કે, સરકાર આદિવાસીઓના કલ્યાણ માટે મોટું કામ કરી રહી છે. એ જ રીતે અંત્યોદય સમાજ પણ સરકારની પ્રાથમિકતા રહ્યો છે. અનુસુચિત જાતિ અને જનજાતિઓના ઉત્થાન માટે સરકાર કામ કરી રહી છે. સરકાર ઓબીસીના કલ્યાણ માટે પણ પ્રતિબધ્ધ છે. રાષ્ટ્રપતિએ વન નેશન, વન રાશનકાર્ડ, જીએસટી વેરા વ્યવસ્થા અને ડીબીટી વ્યવસ્થા જેવી સરકારની સિદ્ધિઓનું આલેખન કર્યું હતું અને જણાવ્યું હતું કે, સરકારના આવા પગલાઓથી પારદર્શક અર્થવ્યવસ્થા ઉભી કરી શકાય છે. સરકાર આજે નવ વર્ષ પુરા કરી રહી છે. બબ્બે વખત સ્થિર સરકાર આપવા બદલ સરકાર દેશવાસીઓની આભારી છે. આપણે આઝાદીના ૭૫ વર્ષ પુરા કર્યા છે. આવનારા ૨૫ વર્ષ ભારત માટે ખુબ મહત્વના છે.

તેમણે જણાવ્યું હતું કે, ભ્રષ્ટાચાર લોકતંત્રનો સૌથી મોટો દુશ્મન છે. સરકાર સતત ભ્રષ્ટાચાર સામે લડત કરી રહી છે. ભષ્ટાચાર વિરોધી અનેક ખરડા અને કાયદા લાવવામાં આવ્યા છે. સરકારી કામોમાં ટેન્ડર અને ઈ-માર્કેટ જેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. ડિજીટલ વ્યવહારને પ્રોત્સાહન આપ્યું છે. જેના કારણે ૩ લાખ કરોડના ડિજીટલ વ્યવહારો થયા છે.

તેમણે કહ્યું હતું કે, સરકાર ખેડૂતોની સાથે પણ ઉભી છે. ૧૧ કરોડ નાના ખેડૂતો સરકારની પ્રાથમિકતા રહ્યા છે. અત્યાર સુધીમાં પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધિ અંતર્ગત કિસાનોને રૂ.૨.૨૫ લાખ કરોડની સહાય આપવામાં આવી છે. મહિલા ખેડૂતોને પણ રૂ.૫૪ કરોડની સહાય કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું હતું કે, આપણે એવા ભારતનું નિર્માણ કરવાનું છે જે આત્મનિર્ભર હોય, જેની એકતા અટલ હોય, જેનો મધ્યમ વર્ગ તમામ સાધન સુવિધાઓથી સંપન્ન હોય આપણે એવા આત્મનિર્ભર ભારતનું નિર્માણનો સંકલ્પ કરીએ.(૨.૧૨)

સૌરાષ્ટ્રમાં સતત બીજા દિવસે ઝાકળ સાથે સામાન્ય ઠંડી

નલીયામાં ૭ ડીગ્રીઃ રાજકોટ સહિત મોટાભાગનાં સ્થળોએ ૧૨ થી ૧૮ ડીગ્રી તાપમાન નોંધાયું

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૧

રાજકોટ સહીત સૌરાષ્ટ્રમાં આજે સવારે સતત બીજા દિવસે પણ સામાન્ય ઠંડી સાથે હવામાં ભેજ વધુ રહેતા ઝાકળવર્ષા થઈ હતી. આજે સવારે નલીયા ખાતે ૭ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું અને ભૂજમાં ૧૧.૨ ડીગ્રી તથા કંડલા ખાતે ૧૩.૯ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યુ હતું. સોરઠમાં આજે એક જ દિવસમાં તાપમાન ૫.૬ ડીગ્રી ઘટતા તિવ્ર ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતું.

ત્યારે વહેલી સવારે ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. ઉના ભાવનગર હાઈ-વે રોડ પર વહેલી સવારે ઠંડીની સાથે ઝાકળ રસ્તા પર જોવા મળેલ ત્યારે રસ્તા પર ઝાકળની વાદળ પથરાઈ ગયેલ હોય તે રસ્તા પરથી પસાર થતા વાહન ચાલકોને પણ પોતાના વાહન ચલાવવા મુશ્કેલ બની રહ્યા હતા.

આ ઉપરાંત આજે સવારે અમદાવાદમાં ૧૪, વડોદરામાં ૧૬, ભાવનગરમાં ૧૬.૬ ડમણમાં ૧૮, ડીસામાં ૧૩.૫, દિવમાં ૧૧.૮, અને દ્વારકામાં ૧૫.૧ લઘુતમ તાપમાન નોંધાવા પામ્યુ હતું. જયારે ઓખામાં ૧૯ પાટણમાં ૧૩.૧, પોરબંદરમાં ૧૨.૪ સુરતમાં ૧૭.૪, અને વેરાવળ ખાતે ૧૫.૨ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યુ હતું.

રાજકોટ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના નિર્ણયને વધાવી લેતા દૂધ ઉત્પાદકો

દૂધ ઉત્પાદકો માટે દૂધના ખરીદ ભાવમાં વધારો જાહેર કરતી રાજકોટ ડેરી

તા.૧ લી ફેબ્રુઆરીથી દૂધ મંડળીઓને કિલો ફેટના રૂ.૭૭૦ ચુકવવાનો નિર્ણય

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૧

વર્તમાન ક્લાઈમેટ ચેન્જના પરિબળને ધ્યાનમાં રાખીને રાજકોટ ડેરીએ દૂધ ઉત્પાદકોને અપાતા દૂધના ખરીદભાવમાં રૂ.૧૦ નો વધારો કરવાનો નિર્ણય લીધો છે. જેને તમામ દૂધ સહકારી મંડળીઓએ વ્યાપક આવકાર આપ્યો છે. તા.૧ લી ફેબ્રુઆરીથી દૂધ ઉત્પાદકોને એટલે કે, મંડળીઓને કિલો ફેટના રૂ.૭૭૦ ચુકવવામાં આવશે.

રાજકોટ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ચેરમેન ગોરધનભાઈ ધામેલીયા અને નિયામક મંડળે હજારો દૂધ ઉત્પાદકોના આર્થિક અને સામાજીક હિતોને ધ્યાનમાં રાખીને દૂધના ખરીદ ભાવમાં રૂ.૧૦ નો વધારો કરવાનો નિર્ણય લીધો છે. અતિશય ઠંડી અને હવામાનમાં ફેરફારને ધ્યાનમાં લઇ દૂધ ઉત્પાદકોને આર્થિક મદદ કરવાના ઉદેશ્યથી પ્રતિકિલો ફેટે રૂ.૧૦ નો ભાવ વધારો કરી હવે પ્રતિકિલો ફેટના રૂ.૭૭૦ ચુકવવામાં આવશે.

ગયા વર્ષે આ સમયગાળામાં જ પ્રતિકિલો ફેટનો ભાવ રૂ.૬૭૦ હતો. એટલે હવે એક વર્ષમાં રૂ.૧૦૦ નો વધારો આપવામાં આવ્યો છે. દૂધ મંડળીઓને પ્રતિકિલો ફેટ રૂ.૭૭૦ અપાશે. દૂધ મંડળીઓ એમના દૂધ ઉત્પાદકોને પ્રતિકિલો ફેટનો ભાવ રૂ.૭૬૫ ચૂકવશે. ચેરમેન અને ડીરેક્ટર બોર્ડના નિર્ણયથી દૂધસંઘ સાથે સંકળાયેલા ૫૦ હજારથી વધારે દૂધ ઉત્પાદકોને આર્થિક ફાયદો થશે. સંઘના આ નિર્ણયને વધાવી લેવામાં આવ્યો છે.(૨.૧૨)

ભારતીય અર્થતંત્ર ફૂલગુલાબીઃ ૬.૫ ટકા વિકાસદરનો અંદાજ

ચાલુ નાણાંકીય વર્ષમાં મોંઘવારી વધી હોવા છતાં અર્થતંત્રની સારી સ્થિતિ; સંસદમાં આર્થિક સર્વે રજુ કરતા નાણાંમંત્રી નિર્મલા સિતારમણ

(એજન્સી સમાચાર)
નવી દિલ્હી, તા.૩૧

કોરોનાના કપરા બે વર્ષ બાદ ભારતનું અર્થતંત્ર હજુ ગતિશીલ રહ્યું છે અને આગામી નાણાંકીય વર્ષમાં વિકાસદર ૬.૫ ટકા જેવો રહેવાનો અંદાજ મુકવામાં આવ્યો છે. સંસદમાં રજુ થયેલા આર્થિક સર્વેક્ષણમાં અર્થતંત્રનું ગુલાબી ચિત્ર રજુ કરવામાં આવ્યું છે.

સંસદનું બજેટ સત્ર આજથી શરૂ થયું છે. સત્રમાં પહેલા દિવસે જ નાણાંમંત્રી નિર્મલા સિતારમણે સંસદમાં આર્થિક સર્વેક્ષણ રજુ કર્યું હતું. આર્થિક સર્વેક્ષણમાં મોંઘવારી વિશે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. છતાં એવો આશાવાદ દર્શાવવામાં આવ્યો છે કે, વિશ્વમાં સર્જાયેલી મંદીની ભારતને ઓછી અસર થશે. જો કે મોંઘવારી હજુ ચિંતા કરાવી રહ્યાનો નાણાંમંત્રીએ સ્વીકાર કર્યો હતો.

સંસદમાં રજુ થયેલા ૨૦૨૨-૨૩ ના આર્થિક સર્વેક્ષણમાં ભારતનો વિકાસદર ૬.૫ ટકા રહેવાનું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યો છે. અલબત આ વિકાસદર છેલ્લા ૩ વર્ષનો સૌથી ઓછો છે. ભારતનું અર્થતંત્ર સૌથી ઝડપથી પ્રગતિ કરશે એવો આશાવાદ પણ સર્વેમાં વ્યક્ત કરવામાં આવ્યો છે.

આગામી સમયમાં સર્જાવાનો આર્થિક પડકારોનો પણ સર્વેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. રોઈટરના રીપોર્ટ મુજબ ૨૦૨૩-૨૪ ના વર્ષમાં દેશનો જીડીપી ૬ થી ૬.૮ ટકા રહેવાનો અંદાજ છે. અલબત મોંઘવારીનો દર ચાલુ નાણાંકીય વર્ષમાં સરકાર અને રિઝર્વ બેંક બંનેના અંદાજથી વધુ રહ્યો છે. એ સ્વીકારવામાં આવ્યું છે. એપ્રિલ-૨૦૨૨ માં સૌથી વધુ ૭.૭૯ ટકા મોંઘવારી દર રહ્યો હતો. મોંઘવારી ચિંતાનો વિષય હોવા છતાં દેશના અર્થતંત્ર માટે સારા સંકેત આપતા અંદાજો મુકવામાં આવ્યા છે. નાણાંમંત્રીએ એ પણ કહ્યું હતું કે, કોરોના કાળ અને ત્યારબાદ સર્વિસ સેક્ટરને સૌથી વધુ નુકશાન થયું છે.

નાણાંમંત્રીએ રજુ કરેલા સર્વેમાં ફુગાવાનો દર ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન ૬.૮ ટકા રહેવાનો અંદાજ મુકાયો છે. જે જીડીપી વિકાસદર છે એ છેલ્લા ૩ વર્ષની સરખામણીમાં ઓછો છે. છતાં સર્વે દર્શાવે છે કે, ભારત દુનિયામાં સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બની રહેશે. પીપીપી એટલે કે, પરચેઝ, પાવર અને પેરેટીની દ્રષ્ટિએ ભારત દુનિયાની ત્રીજી મોટી અર્થ વ્યવસ્થા છે. એટલે સર્વેમાં એવી આશા દર્શાવવામાં આવી છે કે, કોરોના કાળ પછી સંકટમાંથી બહાર નીકળીને અર્થતંત્ર પુનઃ ધબકતું થઇ ગયું છે.

જીડીપી એ અર્થતંત્રની તંદુરસ્તીને ધ્યાનમાં લેતું એક ઈન્ડીકેટર છે. દેશમાં જીડીપી એક ચોક્કસ સમયગાળામાં ઉત્પાદિત તમામ માલ-સામાન અને સેવાઓના મુલ્યનું પ્રતિનિધિત્વ કરે છે. ફુગાવાનો દર એટલો ઉંચો નથી કે, મૂડીરોકાણ નબળું પડી જાય. ભારતીય અર્થતંત્રની એ વિશેષતા રહી છે કે, કોરોના કાળમાં જે ગુમાવ્યું હતું એ લગભગ પરત મેળવી લીધું છે. નિષ્પ્રાણ તંત્ર ફરી ધબકતું થઇ ગયું છે, ધીમી પડેલી આર્થિક પ્રવૃતિઓ પુરા વેગ સાથે જોમભેર ચાલુ થઇ ગઈ છે.

સર્વેક્ષણમાં એવો પણ અંદાજ મુકાયો છે કે, વર્તમાન નાણાંકીય વર્ષમાં ૬.૮ ટકા સ્થિર રહેલો ફુગાવો ઘટતો જશે અને આવતા નાણાંકીય વર્ષ સુધીમાં ઘટીને પાંચ ટકા જેવો થઇ જશે. આઈએમએફનો પણ અંદાજ એવો છે કે, વિશ્વમાં અત્યારે ફુગાવાનો દર ૮.૮ ટકા છે એ ઘટીને આવતા વર્ષે ૬.૬ ટકા થઇ જશે.(૨.૧૨)

આવતા નાણાંકીય વર્ષમાં સૌથી વધુ ઝડપથી ગતિ કરશે ભારતનું અર્થતંત્ર

વિશ્વસ્તરની નાણાં સંસ્થા આઇએમએફનું અનુમાન, વિકાસદર ૬.૧ થી ૬.૮ ટકા જેવો રહેવાનો અનુમાન

(એજન્સી સમાચાર)
નવી દિલ્હી, તા.૩૧

આવતા નાણાંકીય વર્ષ દરમ્યાન ભારતીય અર્થતંત્રનો વિકાસદર ૬.૧ ટકાથી ૬.૮ ટકા જેવો રહેવાનો અનુમાન આંતરરાષ્ટ્રીય નાણા સંસ્થાએ વ્યક્ત કર્યું છે. આઈએમએફનો અહેવાલ જણાવે છે કે, ભારતના અર્થતંત્રની ગતિ થોડી ધીમી પડી છતાં આવતા નાણાંકીય વર્ષ દરમ્યાન સૌથી વેગપૂર્વક વિકાસ કરતું અર્થતંત્ર ભારતનું જ હશે.

વિશ્વની આર્થિક પરિસ્થિતિ અંગેના આઈએમએફના અહેવાલમાં દર્શાવ્યું છે કે, વિશ્વ વ્યાપી વિકાસદર ઘટી જવાની સંભાવના છે. અત્યારે સૌથી વધુ વિકસિત વિકાસદરની દ્રષ્ટિએ ભારત સૌથી આગળ છે. આવતા નાણાંકીય વર્ષમાં ભારતનો વિકાસદર વિશ્વના અનેક દેશોથી આગળ રહેશે. જયારે અમેરિકા, ફ્રાન્સ, ઇટલી, કેનેડા જેવા દેશોનો વિકાસદર પણ ૨.૭ ટકાથી માંડીને ૩.૫ ટકા રહેવાની ધારણા છે ત્યારે ભારતના અર્થતંત્રનો વિકાસદર ૬.૮ ટકા રહેવાનો અનુમાન છે. ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન વિકાસદર ૬.૮ ટકા જેવો જળવાયો હતો.

આઈએમએફના મુખ્ય અર્થશાસ્ત્રી અને નિયામકે સ્પષ્ટ જણાવ્યું હતું કે, આવતા નાણાંકીય વર્ષના પ્રારંભે ભારતના વિકાસદર થોડો ઘટીને ૬.૧ ટકા થશે પણ ૨૦૨૪ સુધીમાં ફરી ઊંચકાઈને ૬.૮ ટકા થઇ જવાનું અનુમાન છે.(૨.૧૨)

સુરેન્દ્રનગરઃ અકસ્માતમાં ત્રણના મોત

(એજન્સી સમાચાર)
સુરેન્દ્રનગર, તા.૩૧

આજે વહેલી સવારે લીંબડીના ચોરણિયા ગામના પાટિયા પાસે ગાઢ ધુમ્મસને કારણે આઈશર પાછળ કાર ઘૂસી જતાં ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. એમાં રાજસ્થાનથી રાજકોટ જતી કારમાં સવાર ચાર પૈકી બેનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં, જ્યારે એક મહિલાનું સારવાર દરમિયાન મોત થયું છે, જ્યારે એકને સારવાર અર્થે લીંબડી સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો.

આ અકસ્માતની ઘટનામાં પરિવાર રાજસ્થાનથી રાજકોટ જઈ રહ્યો હતો એ દરમિયાન આ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતની ઘટનાની જાણ થતાં લીંબડી પોલીસ તાકીદે ઘટનાસ્થળે દોડી જઇ મૃતકના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલે મોકલી આપી અકસ્માત અંગેનો ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે. એમાં લીંબડી આરઆર હોસ્પિટલના ડ્રાઇવર લાલાભાઇએ પરિવારને રોકડ રૂપિયા તેમજ સોનાની વસ્તુ પરત કરી પ્રામાણિકતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

આજનો દિવસ નારી સન્માનનો દિન ગણાવતા વડાપ્રધાન

ભારતના બજેટ પર વિશ્વ આખાની નજર છેઃ મોદી

(એજન્સી સમાચાર)
નવી દિલ્હી, તા.૩૧

આજથી સંસદના મહત્વપૂર્ણ બજેટ સત્રનો શુભારંભ થયો છે. સત્રના પ્રારંભ પહેલા અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના અભિભાષણ પહેલા સંસદ પરિષદમાં વિદ્યા સમક્ષ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, આજનો દિવસ નારી સન્માનનો અને ગૌરવનો દિવસ છે. આજે સંસદમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું પહેલું અભિભાષણ છે.

વડાપ્રધાને જણાવ્યું હતું કે, તમામ સાંસદો માટે ઉત્સાહ અને ઉમંગની પળો છે. આજે રાષ્ટ્રપતિનું પહેલું અભિભાષણ છે. એટલે આજનો દિવસ નારી સન્માનનો દિવસ છે. સંસદ શરૂ થઇ રહી છે અને વિપક્ષના મિત્રો પણ પોતાની વાત રજુ કરશે.

વડાપ્રધાને ખાતરી આપી હતી કે, બજેટ સામાન્ય માનવીની અપેક્ષાઓ પૂરી કરશે. ઇન્ડિયા ફસ્ટ અને સિટીઝન ફસ્ટ એવી આપણી ભાવના રહી છે. એટલે જ આપણા બજેટ પર વિશ્વ આખાની નજર છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ રાષ્ટ્રપતિ ભવનથી પરંપરાગત રીતે સંસદભવન પહોંચી ગયા હતા. ત્યારે સંસદભવનના મુખ્ય દ્વાર પર ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધાનખડ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ રાષ્ટ્રપતિ મુર્મુનું સ્વાગત કર્યું હતું. લશ્કરની ત્રણેય પાંખના વડાઓ પણ તે સમયે સાથે રહ્યા હતા.(૨.૧૨)

તંત્રી સ્થાનેથી...

Editorial

બીજાના ચહેરા પર ખુશી આવે તેવા પ્રયત્નો કરવા...!

દરેક વ્યક્તિનું બાળપણ એક જેવું જ હોય છે એવું આપણને લાગે છે. બાળક બાળપણમાં અનેક રમતો રમતો હોય છે, રમતાં રમતાં તે પડી જાય છે. શાળાએ જઈને વિદ્યાભ્યાસ કરે છે. આમ કરતાં કરતાં તે યુવાન બને છે. આવો, આજે કાંઈક આપણા જીવનને નવીન રીતે થોડું અપડેટ કરીએ, કાંઈક નવું શીખીએ. સમયનો એક માત્ર ગુણ છે કે, તે હંમેશા નિર્ધારિત રીતે પસાર થયા જ કરે છે. આપણે પણ સમયની સાથે રહેવું પડે, કારણ કે સમયથી પાછળ રહી જઈએ તો આપણી ધ્યેય પ્રાપ્તિમાં પણ એટલું જ મોડું થાય.

જેઓ મહત્વપૂર્ણ કામ કરવાની સાથે, સમયની સાથે ચાલે છે તેઓ ધ્યેયને પામે છે અને જેઓ માત્ર સૂઈ રહે છે કે, સમય વેડફે છે તેઓ પસ્તાય છે.જો આપણી પાસે એવો સરસ આઈડીયા છે કે, જો એકાગ્રતાથી એના પર કામ કરવામાં આવે તો સફળ બિઝનેશ સ્થાપી શકાય તેમ છે. તો કોઈ પણ જાતના ડિસ્ટ્રેકસન (ખલેલ) વગર ફકત તમારા મહત્વના કામ પર ફોકસ કરો.

જે તમારૂં ધ્યાન ભટકાવે, સમય વેડફાવે એવા ફાલતુ કામો બંધ કરો. જેમકે ભણતી કે કામ કરતી વખતે મોબાઈલ નોટીફીકિશન મ્યુટ કરી દો વગેરે. ઘણીવાર માણસ બજારમાં જાય છે. ત્યાં સેલ જોવે છે અને સસ્તી વસ્તુઓ જોઈને લઈ આવે છે. જેનો ઘણીવાર ઘરમાં કોઈ ઉપયોગ હોતો જ નથી. ઘણીવાર માણસો ફકત દેખાદેખીમાં મોંઘી બ્રાન્ડેડ વસ્તુઓ ખરીદીને આવે છે. જો વિચાર કરવામાં આવે તો નજીવા ખર્ચમાં પણ તે ઉપલબ્ધ થઈ શકે તેમ છે.

પૈસાને બચાવી તેને ઈન્વેસ્ટ કરતાં શીખવું જોઈએ. અને જે ઈન્વેસ્ટમેન્ટથી ફાયદો થાય એ ફાયદાના પૈસામાંથી ખર્ચ કરવો જોઈએ. પરંતુ ફાલતું ખર્ચ ન કરવા જોઈએ એમાં જ આપણી ભલાઈ છે. જેવી સંગત એવી રંગતઃ આપણે જેમની સાથે ઉઠીએ બેસીએ તેની સાથે આપણા વિચારો પણ એમનાથી પ્રભાવિત હોય. જો આપણે નેગેટીવ લોકોની સાથે બેસીએ. જેમને આખા દેશમાં ખોટ જ દેખાય છે. જે બધાને કોસ્યાં જ કરે છે. તો એમની સાથે બેસવાથી આપણું મગજ પણ ખરાબ થશે. જો આપણે પોઝિટીવ લોકોની સાથે બેસીએ તો આપણે ખુલ્લા મને વિચારીશું. પ્રફુલ્લિત રહીશું અને તેમની પાસેથી કંઈક નવું શીખીશું. આપણી લાઈફને સારી કઈ રીતે બનાવવી એ માટેનું પ્લાનીંગ કરો અને પ્લાનીંગના સ્ટેપ્સને ક્યાંક ડાયરી કે નોટીસ બોર્ડ પર નોંધ કરો. કારણ કે લખવાથી ક્લેરીટી મળે છે. આજથી ૫ વર્ષ પછી આપણે આપણી જાતને કયા સ્થાને જોઈએ છીએ અને ત્યાં સુધી પહોંચવા શું કરીશું તે નોટ કરો. જો તમારામાં કોઈ ખોટ છે તેને તમે દૂર કરવા માંગો છો તો એક પછી એક ખોટ લખો અને ધીમે ધીમે એ ખોટને જીવનમાંથી દૂર કરતા જાઓ. આપણી સાચી સફળતા ત્યારે છે કે, જ્યારે આપણે સમાજ માટે કાંઈક કરી શકીએ. બીજાના દુઃખ દૂર કરવા, ભૂખ્યા ને પેટ ભરાય, બીજાના ચહેરા પર ખુશી આવે તેવા પ્રયત્નો કરવા. આપણી નૈતિક ફરજ બજાવવી - કચરો કચરાપેટીમાં નાંખો, ગંદકી ન ફેલાવો, ટ્રાફિક નિયમનો પાલન કરો. વગેરે...

શુક્રવારે શ્રી માધવરાયજી ચેરી. ટ્રસ્ટ રાજકોટ દ્વારા 'મહારક્તદાન કેમ્પ'

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

શ્રી માધવરાયજી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રી વિશ્વકર્મા જયંતિની ઉજવણી નિમિતે તા.૩ ફેબ્રુઆરીને શુક્રવારે 'શ્યામ મંદિર' રીંગ રોડ બાયપાસ, કોઠારીયા ચોકડી ખાતે સવારે ૭ થી બપોરે ૧ વાગ્યા સુધી સમાજ ઉત્થાન, સમાજ ઉત્કર્ષ અને સમાજ સેવાના ભાગ રૂપે મહારક્તદાન કેમ્પનું આયોજન શ્રી શ્યામ મંદિર કોઠારીયા મેઈન રોડ રાજકોટ ખાતે કરવામાં આવેલ છે.

'સૌરાષ્ટ્ર ક્રાંતી' કાર્યાલયની મુલાકાતે પધારેલા શ્રી માધવરાયજી ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી સંદીપભાઈ મકવાણા અને કારોબારી સભ્ય હિતેષભાઈ ભાલીયા તસવીરમાં નજરે પડે છે.

ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૧૩ વર્ષથી નિયમિત રીતે વર્ષમાં ત્રણ વખત રક્તદાન કેમ્પ કરીને થેલેસિમિયા પીડિત બાળકો તેમજ અસંખ્ય દર્દીઓને રક્તપુરૂ પાડયું છે અને બીજી ઘણી સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવે છે.

આ કેમ્પમાં વિશેષ ઉપસ્થિતિ તરીકે ભાનુબેન બાબરીયા, વિજયભાઈ રૂપાણી, કમલેશભાઈ મીરાણી, ડો. પ્રદીપભાઈ ડવ, પુષ્કરભાઈ પટેલ, ધનસુખભાઈ ભંડેરી, નિતિનભાઈ ભારદ્વાજ, ભુપતભાઈ બોદર, ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, ડો. દર્શિતાબેન શાહ, ગોવિંદભાઈ પટેલ, અરવિંદભાઈ રૈયાણી, જીતુભાઈ કોઠારી, કિશોરભાઈ રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, કશ્યપભાઈ શુક્લ, અમીતભાઈ અરોરા, વિનુભાઈ ઘવા, રવજીભાઈ મકવાણા, દક્ષાબેન વાઘેલા, કિર્તીબા રાણા, અનિતાબેન ગોસ્વામી તેમજ આમંત્રિત મહેમાનો તરીકે કેયાબેન ચોટલીયા, શ્રધ્ધાબેન પરમાર, ડો. જીલેશભાઈ ટાંક, ડો. કૃપાબેન ટાંક, ડો. નિશાંતભાઈ શીરોદરીયા, ડો. મૌલીકભાઈ હાસલીયા, એસ.બી. રાઠોડ, રાયસનભાઈ મેર, સુખદેવભાઈ ડાંગર અને રોનકભાઈ રાવલ, વગેરેની હાજરી અમારા આ ભગીરથ કાર્યમાં ઉત્સાહ સભર અને પ્રેરણારૂપી રહેશે. આ કેમ્પમાં રાજકોટ વોલન્ટરી બ્લડબેંક અને ફિલ્ડ માર્શલ બ્લડબેંક દ્વારા સેવા આપવામાં આવશે.

આ સમગ્ર આયોજન માટે ટ્રસ્ટના પ્રમુખ નિલેશભાઈ ચાવડા, ઉપપ્રમુખ જતીનભાઈ મારૂ, ખજાનચી રિતેશભાઈ ટાંક, મંત્રી કિશોરભાઈ ચોટલીયા, સહમંત્રી સંદીપભાઈ મકવાણા તેમજ કારોબારી સભ્યો મનોજભાઈ રાઠોડ, વિજયભાઈ રાઠોડ, હિતેશભાઈ ભાલીયા, કે.જે. ચાવડા, વિપુલભાઈ ટાંક, રાકેશભાઈ પરમાર, રાકેશભાઈ ટાંક, નીખીલભાઈ ટાંક, કિશનભાઈ સોલંકી, જયભાઈ સોલંકી વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે. આ કેમ્પમાં ભાગ સેવા સર્વેને અનુરોધ કરાયો છે તેમ યાદીમાં જણાવ્યું છે. (૧૩)

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા યોજાશે ક્રેડિટ કેમ્પ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

વિવિધ યોજનાકીય સહાય, સબસિડી,ઓનલાઈન માર્કેટિંગ સહિતનું અપાશે માર્ગદર્શન

રાજકોટ, તા.૩૧

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, રાજકોટ તેમજ ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાનના સંયુક્ત ઉપક્રમે ક્રેડિટ કેમ્પ (લોન મેળા) તા. ૧ ફેબ્રુઆરીને બુધવારના રોજ, સવારે ૧૧ થી ૨ કલાકે, બહુમાળી ભવનના પહેલા માળે,હોલ ખાતે આયોજીત કરવામાં આવ્યો છે.

આ કેમ્પમાં કુટિર અને ગ્રામોદ્યોગ દ્વારા ચાલતી વિવિધ યોજનાની માહિતી આપવામાં આવશે. વાજપાઈ બેંકેબલ યોજના, દત્તોપંત ઠેંગડી કારીગર વ્યાજ સહાય યોજના, જ્યોતિ ગ્રામોદ્યોગ યોજના જેવી સ્વ રોજગારીની યોજનાકીય માહિતી તથા કુટિર ઉદ્યોગના કારીગરોને વિવિધ યોજનાકીય માર્ગદર્શન,સબસિડી વિશેની લાભોની માહિતી નિઃશુલ્ક આપવામાં આવશે.

ઉદ્યોગ,વેપાર તથા સર્વિસને આગળ વધારવા માટે ઓનલાઈન માર્કેટિંગનું માર્ગદર્શન ઈ.ડી.આઈ.આઈ.સંસ્થા દ્વારા પૂરું પાડવામાં આવશે. રજિસ્ટ્રેશન સરળતા માટે આર્ટિઝન કાર્ડધારકોએ પોતાના આધારકાર્ડ તેમજ આર્ટિઝન કાર્ડની કોપી સાથે લાવવા તથા રજિસ્ટ્રેશન માટે મોબાઈલ નંબર ૬૩૫૭૨, ૩૯૭૬૦ ઉપર મેસેજ કરવાનો રહેશે.

આ અંગેની વધુ માહિતી માટે નાયબ ઉદ્યોગ કમિશનર અને જનરલ મેનેજર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર,જિલ્લા સેવાસદન-૨,બહુમાળી ભવન, રેસકોર્સ રિંગ રોડ, રાજકોટ તથા હસ્તકલા સેતુ યોજના,(કુટિર અને ગ્રામીણ ઈન્ક્યુબેટર), ગુજરાત કોટેજ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર,૪૦૧, સ્ટાર ચેમ્બર્સ,હરીહર ચોક, રાજકોટનો સંપર્ક કરવા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, રાજકોટના જનરલ મેનેજર કે.વી.મોરીની યાદીમાં જણાવાયું છે.

અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો

મો.9429787729

email:-saurashtrakranti@gmail.com

જુનિયર ક્લાર્ક પેપર લીક મુદ્દે પોરબંદર NSUIનો અનોખો વિરોધ

પોરબંદર, તા.૩૧

પોરબંદર જિલ્લા NSUIએ પેપર લીક મુદ્દે અનોખો વિરોધ દર્શાવ્યો હતો. ચડ્ડીબનિયાન પહેરીને કલેક્ટર કચેરી ખાતે રામધૂન બોલાવી હતી. આ સરકાર યુવાનો સાથે મજાક કરવાનું બંધ કરે અને પરીક્ષા આગામી ૩૦ દિવસમાં યોજવામાં આવે તેમજ જો સરકાર પરીક્ષા લેવામાં સક્ષમ ન હોય તો રાજીનામું આપે તેવા નારા લગાવ્યા હતા.

પોરબંદર NSUI ની એવી પણ માંગ હતી કે, હવે પછી ની તમામ પરિક્ષાઓ GPSC દ્વારા લેવામાં આવે અને પેપર કૌભાંડીઓને છોડવામાં ન આવે તેવી માંગ કરાઇ હતી. પોલીસ દ્વારા ૧૦ થી વધુ NSUI ના કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી.

જેમાં ગુજરાત પ્રદેશ NSUI મહામંત્રી કિશન રાઠોડ, શહેર પ્રમુખ જયદિપ સોલંકી, ઉમેશરાજ બારૈયા, રોહિત સિસોદિયા, રાજ પોપટ, હર્ષ ગોહેલ, દિવ્યેશ સોલંકી, ચિરાગ ચાંચિયા, અક્ષય ગોહેલ, દિવ્યરાજ જોડેજા, કુષ જોષી સહિતની અટકાયત કરાઇ હતી.(૧૩)

રાજકોટની પદ્મકુંવરબા હોસ્પિટલને 'શ્રેષ્ઠ જિલ્લા હોસ્પિટલ'નો એવોર્ડ એનાયત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

રાજય સરકાર દ્વારા રાજકોટની પદ્મકુંવરબા હોસ્પિટલને 'શ્રેષ્ઠ જિલ્લા હોસ્પિટલ'નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નાગરિકોને ગુણવત્તા સભર આરોગ્ય સુવિધાઓ મળી રહે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. જે અંતર્ગત રાજકોટ જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુ અને જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરીના માર્ગદર્શન હેઠળ પદ્મકુંવરબા હોસ્પિટલ દ્વારા નાગરિકોને ગુણવતા સભર આરોગ્યલક્ષી સારવાર આપવામાં આવી રહી છે. જેના ફળ સ્વરૂપ રાજ્ય સરકાર દ્વારા ગુજરાત રાજયની જિલ્લા હોસ્પિટલમાંથી સૌથી વધારે અને સારી કુટુંબ નિયોજનને લગતી કામગીરી કરવા બદલ રાજકોટની પદ્મકુંવરબા હોસ્પિટલને શ્રેષ્ઠ જિલ્લા હોસ્પિટલનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.જે બદલ સમગ્ર સ્ટાફે ગૌરવની લાગણી અનુભવી હતી અને આ જ રીતે શ્રેષ્ઠ કામગીરી કરતા રહેવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, પદ્મકુંવરબા હોસ્પિટલ ખાતે પ્રસૂતિની કામગીરીમાં દર માસે નિરંતર વધારો જોવા મળી રહ્યો છે.

શનિવારે ગોંડલના શિવરાજગઢમાં વિજ્ઞાન જાથાનો જનજાગૃતિ કાર્યક્રમ યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ, નગરપાલિકા ગોંડલ, ગ્રામપંચાયત, સમસ્ત ગ્રામજનો શિવરાજગઢ તથા મહારાજા ભગવતસિંહજી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ગોંડલના રાષ્ટ્રીય સેવા યોજનામાં અંધશ્રદ્ધા નિવારણનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો જનજાગૃતિ કાર્યક્રમ ગ્રામજનો તેમજ જાહેર જનતા માટે આયોજન થયું છે. જેમાં જાથાના રાજય ચેરમેન-એડવોકેટ જયંત પંડયા ધારદાર વકતવ્ય આપી વૈજ્ઞાનિક સમજ આપશે. તા. ૪ ને શનિવારના રોજ રાત્રીના ૯ કલાકે પ્રાથમિક શાળા શિવરાજગઢ મુકામે આયોજન થયું છે. વૈજ્ઞાનિક પદ્ધતિ ઉદ્ઘાટનમાં પ્રિન્સિપાલ એસ. જે. ઝાલા, પ્રોગ્રામ ઓફિસર ડો. ડી. એમ.દોમડીયા નગરપાલિકાના પ્રમુખ ભાવનાબેન રૈયાણી, સરપંચ વજુ ભાઈ માદળીયા, ડી. કે. વોરા, ભાવેશભાઈ વોરા, ભનુભાઈ વોરા, મમતાબેન પારખીયા આચાર્યા, વૈભવીબેન પરમાર આચાર્યા, એ. ડી. રામાણી, શીતલબેન કોટડીયા, સોનલબેન ધડુક, ખુશ્બબેન ભુવા, કંચનબેન શિંગાળા, પ્રવિણભાઈ પારખીયા, કંચનબેન પાનસેરીયા, અરવિંદ ભાઈ પારખીયા, શર્મિલાબેન સીતાપરા, નીતાબેન સોરઠીયા, તુષારભાઈ સિધ્ધપરા, કાન્તીભાઈ ઠુંમર, ગ્રામ પંચાયતના સદસ્યો, નગરપાલિકાના હોદેદારો, ગામના આગેવાનો હાજર રહેશે.

સહજ ધ્યાન યોગ ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક શિબિરનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

સહજ ધ્યાન યોગ ટ્રસ્ટ દ્વારા આગામી તા.૨ થી તા.૫ ફેબ્રુઆરીને દરમ્યાન સાંજે ૫ થી ૬ કલાક સુધી નિઃશુલ્ક શિબિરનું આયોજન 'વામકુક્ષી' કુવાડવા ચોકડી કુવાડવા-વાંકાનેર રોડ રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે.

આ શિબિરમાં બી.પી., ડાયાબીટીશ, સાંધાનો દુઃખાવો, અનિદ્રા, થાક, એસીડીટી, અલ્સર, શ્વાસના રોગો, પેટના રોગો, ડીપ્રેશન, કેન્સર, જેવા હઠીલા રોગોથી છુટકારો મેળવી શકાશે. વધુ માહિતી માટે મો.નં. ૮૬૮૬૮ ૬૦૪૬૨ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

૧૧ ફેબ્રુઆરીએ ૨૯ નવદંપતિઓ પ્રભુતામાં પગલા માંડશે

શ્રી ચારણ(ગઢવી) સમાજ સેવા ટ્રસ્ટ રાજકોટ દ્વારા ૨૮ મા સમૂહલગ્ન મહોત્સવનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

શ્રી ચારણ (ગઢવી) સમાજ સેવા ટ્રસ્ટ રાજકોટ દ્વારા આયોજીત દીકરીઓના ઘર આંગણે પોતાના લગ્ન થાય એ પ્રમાણે ૨૮ મા સમૂહલગ્ન મહોત્સવનું આગામી તા.૧૧ ફેબ્રુઆરીને શનિવારના રોજ આયોજન કરવામાં આવ્યું છે.

આ સમૂહ લગ્ન મહોત્વસમાં ૨૯ નવદંપતિઓ પ્રભુતામાં પગલા માંડશે.

શ્રી ચારણ(ગઢવી) સમાજ સેવા ટ્રસ્ટ-રાજકોટ ટ્રસ્ટી મંડળના આલાભાઈ ભુવા (ચેરમેન), પ્રવિણભાઈ કૂનડા (ટ્રસ્ટી), હરીશભાઈ લાંબા (પ્રમુખ), જયદેવભાઈ ઘાંઘણીયા (ટ્રસ્ટી), હરીશભાઈ ઘાંઘણીયા (મંત્રી-ખજાનચી), હિતેશભાઈ ભારઈ (ટ્રસ્ટી), લક્ષ્મણભાઈ જાળફવા(ઉપપ્રમુખ), રામભાઈ બારભાયા (જામનગર-ટ્રસ્ટી), રામભા સાંસી (ટ્રસ્ટી), ધીરૂભાઈ ગઢવી (સમઢીયાળા-ટ્રસ્ટી), દિલીપભાઈ બળદા (ટ્રસ્ટી) અને જીતુભાઈ જેહળ (ટ્રસ્ટી)એ જહેમત ઉઠાવી છે.

વધુ માહિતી માટે 'સોનલ કૃપા', એચ-૩/૧૧૭-૧૧૮ આનંદનગર મેઈન રોડ રાજકોટ ખાતે આલાભાઈ ભુવા (મો.નં. ૯૮૨૫૪ ૬૩૧૦૧)નો સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે. (૧૩)

સૌરાષ્ટ્ર યુનિ.માં એકેડેમિક સ્ટાફ કોલેજના વડા તરીકે પ્રો.કલાધર આર્યનને દૂર કરાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

સિન્ડીકેટ બેઠકમાં દર બે વર્ષે પ્રત્યેક ભવનોના વડા બદલવાનો કરાયો નિર્ણય

રાજકોટ, તા.૩૧

મળેલી સૌરાષ્ટ્ર યુનિ.ની સિન્ડીકેટની બેઠકમાં હેડશિપ બાય રોટેશનનો નિયમ અમલમાં લાવવાનો નિર્ણય કરવામાં આવતા એકેડેમીક સ્ટાફ કોલેજના વડા તરીકે ફરજ બજાવતા પ્રો.કલાધર આર્યનને આગામી શૈક્ષણિક સત્રથી ભવનના વડા તરીકે દૂર કરવામાં આવશે તેવું જાણવા મળેલ છે.આ બેઠકમાં આસિ.રજિસ્ટ્રાર અને કમ્પ્યુટર ઓપરેટરની નવી જગ્યાઓ મંજૂર થતાં ભરતીની કામગીરી આગળ વધારવા લીલીઝંડી અપાઈ હતી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સિન્ડિકેટ સભ્ય તરીકે ડો.કલાધર આર્યને દૂર કરવામાં આવ્યા બાદ હવે તેઓને એકેડેમીક સ્ટાફ કોલેજના વડા તરીકે દૂર કરવાની પણ યુનિવર્સિટીએ જાણે વ્યુહ રચના ગોઠવી હોય તે પ્રકારના તમામ ભવનોમાં બે વર્ષ બાદ હેડને બદલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

સુત્રોએ જણાવ્યું હતું કે યુ.જી.સી.ના નવા નિયમો મુજબ એકેડેમીક સ્ટાફ કોલેજના વડા તરીકે અન્ય ભવનના પ્રોફેસરને મુકવાની સૂચના આપવામાં આવી હોવાથી એકેડેમીક સ્ટાફ કોલેજમાં ડાયરેક્ટરની જગ્યા ઉપર અન્ય ભવનમાંથી પ્રોફેસરને મુકવામાં આવશે.

વધુમાં રાજય સરકારે આસી.રજીસ્ટ્રાર અને કોમ્પ્યુટર ઓપરેટરની નવી જગ્યા મંજૂર કરી હોવાથી આ જગ્યા સહિત નોન ટીચીંગની ૪૯ ખાલી જગ્યાઓ ભરવા માટે જે અરજીઓ આવી છે તેમાંથી ઉમેદવારો પસંદ કરવા માટે લેખિત પરીક્ષા લેવા એજન્સી ફાઈનલ કરવાનો મુદ્દો પણ આજની બેઠકમાં ચર્ચાસ્પદ હતો.

અલબત્ત પરીક્ષાની ગોપનીયતા જાળવવા સહિતની બાબતમાં અન્ય સરકારી બિનસરકારી એજન્સીઓ તૈયાર થતી નહીં હોવાનું જણાવાયું હતું. નવી શિક્ષણનીતિનો આગામી સત્રથી અમલ કરવા તથા અધ્યાપકોની ૫૬ ખાલી જગ્યાઓ પણ આગામી ૬ માસમાં ભરી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

યુનિવર્સિટીની સિન્ડીકેટની બેઠકમાં બાંધકામ વિભાગમાં નિવૃત ઇજનેરને રૂા.૪૦ હજારના પગારથી રાખવાનો નિર્ણય કેન્સલ કરવામાં આવ્યો હતો. તેમજ જામનગરની ખાનગી કોલેજનું જોડાણ પાંચ એકર જમીન નહીં હોવાને કારણે મંજૂર કરાયું ન હોતું તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

કેનકેન ભગવતી એકેડમીના વિદ્યાર્થીઓએ

નેશનલ લેવલે ૩૦મિનિટમાં ૬ પઝલ સોલ્વ કરી ગોલ્ડ મેડલ મેળવ્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

KEN KEN ભગવતી એકેડમી રાજકોટ, સેન્ટરના વિદ્યાર્થીઓએ પ્રેકટીશ કરી ગણિતના કોયડા ઉકેલવાની નેશનલ લેવલની સ્પર્ધામાં ભાગ લેવા માટે 'કેનકેન' બરોડા હેડ ઓફિસથી લેવામાં આવેલ સ્પર્ધામાં ફકત ૩૦ મિનિટના સમયમાં ૬ પઝલ સોલ્વ કરીને ગોલ્ડ મેડલ મેળવી રાજકોટના વિદ્યાર્થીઓએ પોતાનું અને સેન્ટરનું નામ રોશન કર્યું છે.

જેમાં દ્રિજ કણસાગરા, વંશ કેશવાની, નવ્યા વડુકીયા, હાર્ડ કાલરીયા તથા જીલ વાડોદરીયાએ ભાગ લીધો હતો અને ભગવતી એકડમી, રાજકોટના ઉમેશ કાનપરાનું નામ નેશનલ લેવલે પહોંચાડવા બદલ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી છે.

નવોદય વિદ્યાલયમાં ધો. ૬માં પ્રવેશ માટે જન્મતારીખ એક મહિનો લાંબાવાઈ

(ક્રિરીટ જોટવા દ્વારા)

અમરેલી, તા.૩૧

ભારત સરકારના શિક્ષણ વિભાગ અંતર્ગત જવાહર નવોદય વિદ્યાલય સમિતિ દ્વારા સંચાલિત ઉત્કૃષ્ટ અને સર્વાંગી શિક્ષણ આપતી રાષ્ટ્રીય કક્ષાની નિવાસી શાળાઓ મોટાભાગના જિલ્લાઓમાં આવેલી છે. તેમાની અમરેલી જિલ્લાની જવાહર નવોદય વિદ્યાલય મોટા ભંડારીયામાં આવેલી છે.

આ શાળામાં ગ્રામીણ ક્ષેત્રના પ્રતિભાવાન વિદ્યાર્થીઓને પ્રવેશ પરીક્ષાના માધ્યમથી પ્રવેશ આપવામાં આવે છે ઉચ્ચ બુદ્ધિ આંક ધરાવતા અને મેરીટમાં આવેલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા બાળકનો સર્વાંગી વિકાસ થાય તેવું નિઃશુલ્ક શિક્ષણ કાર્ય રાષ્ટ્રીય કક્ષાના શિક્ષકો દ્વારા કરાવવામાં આવે છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં ધોરણ પાંચમાં ભણતા વિદ્યાર્થી અને ધોરણ છ માં શૈક્ષણિક ક્ષેત્ર ૨૦૨૩-૨૪માં નવોદય વિદ્યાલયમાં પ્રવેશ મેળવવા માટે અમરેલી જિલ્લામાં રહેતા અને અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓને પ્રવેશ પરીક્ષા માટે વધારેમાં વધારે રજિસ્ટ્રેશન કરાવવા તેમના આચાર્ય દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો.

માહિતી પુસ્તિકા તેમજ નવોદય વિદ્યાલય સમિતિની જાહેરાત વિદ્યાર્થીની જન્મ તારીખની રેન્જ તા. ૦૧/૦૫/૨૦૧૧ થી ૩૦/૦૪/૨૦૧૩ (બન્ને તારીખ સહિત) દર્શાવેલ છે એટલે કે ૦૧/૦૫/૨૦૧૧ થી ૩૦/૦૪/૨૦૧૩ (બન્ને તારીખ સહિત) માં જન્મ તારીખ હોય તે વિદ્યાર્થીઓ જ અરજી કરવાને પાત્ર છે. જન્મ તારીખની આ રેન્જને કારણે જે વિદ્યાર્થીઓની ૩૦/૦૪/૨૦૧૩ બાદ ની જન્મ તારીખ છે અને હાલ ધોરણ ૫ માં અભ્યાસ કરી રહ્યા છે તેઓ આ પરીક્ષાથી વંચિત રહી જશે તેવી સમસ્ત જિલ્લાના વાલીઓની રજૂઆતને નવોદય વિદ્યાલય સમિતિ એ ધ્યાને લઇ જન્મ તારીખની રેન્જમાં એક મહિનો મર્યાદા લંબાવેલ છે એટલે કે સુધારેલ જન્મ તારીખની રેન્જ તા. ૦૧/૦૫/૨૦૧૧ થી ૩૧/૦૫/૨૦૧૩ (બન્ને તારીખ સહિત) રાખવામાં આવી છે.

હજુ ઓનલાઇન ફોર્મ ભરવાની છેલ્લી તા.૮ ફેબ્રુઆરીઃ વંચિત વિદ્યાર્થીઓને ફોર્મ ભરવા અનુરોધ

મુરલીધર આયુર્વેદિક કોલેજ ખાતે ટ્રાફિક અવરનેસ કાર્યક્રમ સંપન્ન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

તા.૩૦ના રોજ નાયબ પોલીસ કમિશનર પુજા યાદવ તથા મદદનીશ પોલીસ કમિશનર જી. ગઢવીની ઉપસ્થિતિમાં નિવૃત્ત આર.ટી.ઓ. ઇન્સ્પેક્ટર જે. વી. શાહ તેમજ પો. સ. ઇ. પી. એલ. ધામા તેમજ ટ્રફિક કર્મચારી દ્વારા ટ્રાફિક અવેરનેશ તેમજ રોડ સેફટી અંગેનો સેમિનાર મુરલીધર આયુર્વેદિક કોલેજ ભાવનગર રોડ મુકામે રાખવામાં આવેલ હતો. જેમાં ૨૦૦ થી વધુ આયુર્વેદના વિદ્યાર્થીઓ તેમજ નર્સિંગના વિદ્યાર્થીઓ હાજર રહેલ હતા. તેઓને ટ્રાફિક અવેરનેશ તેમજ રોડ અકસ્માતના કારણે તેમજ તેના નિવારણો માટે જરૂરી માહિતી આપવામાં આવેલ હતી. તેમ પોલીસી ઇન્સપેકટર પી.આર.રાઠોડની યાદીમાં જણાવ્યું છે.

ત્રિ–દિવસીય મહોત્સવમાં ૫૦૦થી વધુ કાર્યકર્તાઓ સેવામાં જોડાયા

શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ-રાજકોટ આયોજીત શ્રી વિશ્વકર્મા જયંતિ મહોત્સવ ઉજવાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૩૧

રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા આગામી તા. ૧ થી ૩ સુધી વિશ્વકર્મા જયંતિ મહોત્સવ તથા શતાબ્દી વર્ષ અંતર્ગત ૧૦૧ કુંડી મહાયજ્ઞ, વિશ્વમાં પ્રથમ વખત શ્રી વિશ્વકર્મા દાદાની દશાવતારની ઝાંખી, મહારકતદાન શિબિર, શ્રી વિશ્વકર્મા દાદાની શોભાયાત્રા, સમૂહ લગ્નોત્સવ, દાતા સન્માન તથા જ્ઞાતિ સમૂહ ભોજન વગેરેનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

આ અંગેની માહિતી આપવા અધ્યક્ષ મુકેશભાઇ વડગામા, પ્રમુખ રસિકભાઇ બદ્રકીયા, પ્રદીપભાઇ કરગથરા (મંત્રી), અરવિંદભાઇ ત્રેટિયા (ખજાનચી) તથા કારોબારીના સભ્યો હર્ષદભાઇ બકરાણીયા, મીતેશભાઇ ધ્રાંગધરીયા તથા મુકેશભાઇ એમ. વડગામા વગેરે 'સૌરાષ્ટ્ર ક્રાંતી'ની મુલાકાત લીધી હતી.

માહિતી આપતા જણાવ્યું હતું કે,વિશ્વકર્મા પ્રભુજીનું મંદીર દીવાનપરા, રાજકોટ ખાતે બિરાજમાન ભગવાન વિશ્વકર્માદાદાની પ્રાણ પ્રતિષ્ઠાને વર્ષ ૨૦૨૨માં ૧૦૦ વર્ષ પુર્ણ થતા શતાબ્દી વર્ષ મહોત્સવ ઉજવણીના ભાગરૂપે ભગવાન વિશ્વકર્મા પ્રભુજી નુતન સુવર્ણ સિંહાસન ઉપર બિરાજમાન થશે. સાથે સુવર્ણ ધ્વજ, દંડ અને કળશના દિવ્યાતિદિવ્ય ઉદઘાટન થશે. આ સુવર્ણ સિંહાસનનો જેમણે મહા સંકલ્પ કરેલ તેવા મુખ્યદાતા પ્રવીણભાઇ જેરામભાઇ અઘારા, રાજકોટ અને રમેશભાઇ અંબારામભાઇ તલસાણીયા અમદાવાદ તેમજ અન્ય દાતા સુવર્ણદાનથી શતાબ્દી વર્ષે પુનઃ પ્રાણપ્રતિષ્ઠાના પાવન અવસરે પૂ.માં.શ્રી.કનકેશ્વરી દેવીજી, (ખોખરા હનુમાનજી ધામ, મોરબી) અને પ.પુ. સ્વામી પરમાત્માનંદ સરસ્વતીજી (સંયોજક હિન્દુ ધર્મ આચાર્ય સભા) અધ્યક્ષ આર્ષ વિદ્યા મંદિર, રાજકોટના શુભ હસ્તે દર્શનાર્થીઓ માટે ખુલ્લુ મુકવામાં આવશે.

સાથે ત્રણ દિવસીય પુનઃ પ્રતિષ્ઠા યજ્ઞ તા.૧ ફેબ્રુ.ના બુધવારના વિશ્વકર્મા પ્રભુજી મંદિરે સવારે ૭:૩૦ વાગે શરૂ થશે અને સાંજે ૬:૩૦ વાગ્યા સુધી ચાલશે. આ યજ્ઞ તા.૨ને ગુરૂવાર આખો દિવસ અને તા.૩ને શુક્રવારે બપોરે ૧૨ વાગે પૂર્ણ થશે.

વિશ્વકર્મા જયંતિ મહોત્સવની પુર્વ સંધ્યાએ તા.૨ ફેબ્રુ.ના રોજ સાંજે ૭ થી ૧૧ કલાકે વિશ્વમાં પ્રથમ વખત વિશ્વકર્મા દાદાના દશાવતારની ઝાંખીનો ભવ્ય કાર્યક્રમ સમગ્ર નગરજનો માટે યોજવામાં આવનાર છે. આ માટે રેસકોર્ષ મેદાન રાજકોટ ખાતે વિશ્વકર્મા ધામ ઉભું કરવામાં આવશે.

વિશ્વકર્મા મંદિર, વિશ્વકર્મા પ્રભુજી માર્ગ, દિવાનપરા રાજકોટ ખાતે વહેલી સવારે ૬:૩૦ કલાકે મંગળા આરતી સાથે ધ્વજારોહણ બાદ સવારે ૭:૩૦ કલાકે પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા વિધિ થશે. તેમજ બપોરના ૧૨:૧૫ કલાકે વિશ્વકર્માના થાળ પ્રસાદ સાથે મહાઆરતી કરવામાં આવશે તેમજ મહાયજ્ઞનું બીડું હોમવામાં આવશે. સાથે સાથે વિશ્વકર્મા ધામ રેસકોર્ષ મેદાન રાજકોટ ખાતે ૧૦૧ કુંડી મહાયજ્ઞમાં પણ બીડું હોમવામાં આવશે.

મહારકતદાન શિબિરનું આયોજન તા.૩ના વિશ્વકર્મા જયંતિના દિવસે વિશ્વકર્મા મંદિર અને વિશ્વકર્મા ધામ, રેસકોર્ષ મેદાન રાજકોટ બંને જગ્યાએ કરવામાં આવેલ. આ મહારકતદાન શિબિર સવારે ૮ થી સાંજના ૮ કલાક સુધી રાખવામાં આવેલ છે.

વિશ્વકર્મા જયંતિના દિવસે બપોરના ૨ કલાકે ધારેશ્વર મહાદેવ મંદિર, ભક્તિનગર સર્કલથી ભગવાન વિશ્વકર્મા ભવ્યાતિભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન થશે. આ શોભાયાત્રા શહેરના વિવિધ રાજમાર્ગો તથા જુદા જુદા વિસ્તારોમાંથી પસાર થશે. જેમાં આગળ ૫ બુલેટ, ૧૫૦ બાઇક અને લગભગ ૧૦૦થી વધારે ગાડીઓ ટ્રેકટર, શણગારેલ રથ, હાથી ઘોડા અને વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનો જોડાશે. આ શોભાયાત્રાનું સ્વાગત નગરના જુદા જુદા રાજમાર્ગો પર જ્ઞાતિજનો દ્વારા ભવ્ય રીતે ફુલહારથી કરવામાં આવશે. તા.૩ના વિશ્વકર્મા ધામ ખાતે ૧૬ દીકરીઓના ભવ્ય સમૂહ લગ્ન બપોરે ૨ વાગ્યાથી શરૂ થશે અને સાથે દાતાઓનો સન્માન કાર્યક્રમ યોજાશે. આ સમુહલગ્નમાં આશીર્વચન પાઠવવા પરમ સંત જેન્તિરામબાપા (સતપુરણધામ આશ્રમ, ધુનડા, જામજોધપુર) અને પ.પૂ. યતિ શ્રી બ્રહ્મદેવજી મહારાજ (શ્રી ગુરૂદત્ત મઠ, કુવાડવા, રાજકોટ) ખાસ ઉપસ્થિત રહેનાર છે. ઉપરાંત રાજકીય, સામાજીક આગેવાનો ઉપસ્થિત રહેશે.

દરેક કન્યાને જીવન જરૂરી તમામ વસ્તુઓ મુખ્યદાતાઓ તેમજ ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટ તરફથી લાખેણો કરીયાવર અગાઉથી સોંપવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે સોનાની બુટી, સોનાનો દાણો, ચાંદીની ગાય, ચાંદીનો જુડો, ચાંદીના સાકળા, ચાંદીનો તુલસી ક્યારો, સ્ટીલ કબાટ વગેરે થઇને ૨૨૫ થી પણ વધુ વસ્તુઓ આપવામાં આવેલ છે. ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટના પ્રમુખ રસિકભાઇ બદ્રકીયા અને સૌ કાર્યકર્તાઓ રાત દિવસ જોયા વિના છેલ્લા ત્રણેક માસથી અથાગ જહેમત ઉઠાવી કાર્યક્રમના સુચારૂ આયોજન પાર પાડવા માટે ગોંડલ રોડ પર એ.વી. જસાણી સ્કુલ સામે કાર્યાલય ખોલવામાં આવેલ. આ ત્રિ-દિવસીય મહોત્સવમાં ૫૦૦થી વધુ કાર્યકર્તાઓ સેવામાં જોડાયા છે.

'સૌરાષ્ટ્ર ક્રાંતી' કાર્યાલયની મુલાકાતે આવેલા શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ-રાજકોટ કાર્યવાહક સમિતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકીયા, અધ્યક્ષ મુકેશભાઇ વડગામા, કારોબારી સભ્ય હર્ષદભાઇ બકરાણીયા અને મુકેશભાઇ એન. વડગામા તસવીરમાં નજરે પડે છે.

૧૦૧ કુંડી મહાયજ્ઞ,શોભાયાત્રા, મહારકતદાન શિબિર, સમૂહલગ્નોત્સવ, દાતાઓનું સન્માન, જ્ઞાતિ સમુહભોજનનું આયોજન

દીવાનપરા સ્થિત શ્રી વિશ્વકર્મા પ્રભુજી મંદિરે બિરાજમાન વિશ્વકર્મા દાદાની પ્રાણપ્રતિષ્ઠાને ૧૦૦ વર્ષ પૂર્ણઃ દાદા સોનાના સિંહાસન પર બિરાજશે, સુવર્ણ ધ્વજ દંડ અને કળશનું ઉદ્ઘાટન

• મંગલ કાર્યક્રમો •
શ્રી વિશ્વકર્મા પ્રભુજીના મંદિરે

શ્રી મંગળા આરતી સવારે ૬:૩૦ કલાકે
પદ્મશ્રી ધ્વજા આરોહણ સવારે ૭ કલાકે
પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સવારે ૭:૩૦ થી...
શ્રી મહા આરતી બપોરે ૧૨:૧૫ કલાકે
શ્રી દાદાની નગરયાત્રા (શોભાયાત્રા) બપોરે ૨ કલાકે
મહારક્તદાન શિબીર સવારે ૮ થી રાત્રે ૮ સુધી

• સમૂહ લગ્નોત્સવ •
શ્રી વિશ્વકર્મા ધામ, રેસકોર્સ

સામૈયુ બપોરે ૨ કલાકે
હસ્ત મેળાપ બપોરે ૩ કલાકે
શ્રી સમૂહ આરતી સાંજે ૬:૧૫ કલાકે
શ્રી જ્ઞાતિ સમૂહ ભોજન (મહા પ્રસાદ) સાંજે ૬:૩૦ કલાકે
કન્યા વિદાય સાંજે ૭:૧૫ કલાકે
મહારક્તદાન શિબિર સવારે ૮ થી રાત્રે ૮ સુધી

ઠેબચડાના પ્રૌઢની હત્યાના કેસમાં આરોપીની જામીન અરજી નામંજુર

એડવોકેટ: અનીલભાઈ દેસાઈ

એડવોકેટ: રૂપરાજસિંહ પરમાર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

રાજકોટ તાલુકાના ઠેબચડા ગામે જમીનના વિવાદમાં ગરાસીયા ખેડૂત પર કરાયેલા હુમલામાં ઘવાયેલા ગરાસીયા પ્રૌઢની હત્યાના ગુનામાં આરોપી મગન બીજલ રાઠોડના જામીન અરજી અદાલતે નકારી કાઢી ફગાવી દેતો હુકમ રાજકોટ સેશન્સ કોર્ટએ કર્યાં છે, વધુ વિગત મુજબ શહેરના ભાવનગર રોડ પર આવેલા ઠેબચડા ગામે પોલીસની હાજરીમાં ખેડૂતની પોતાની જ વાડીમાં કોળી જૂથ દ્વારા તિક્ષ્ણ હથીયાર વડે કરવામાં આવેલા હુમલામાં લગધીરસિંહ નવુભા જાડેજા નામના ૫૭ વર્ષના ગરાસીયા પ્રૌઢનું મોત નિપજતા બનાવ હત્યામાં પલ્ટાયો હતો. જ્યારે અન્ય બે ઘવાતા સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યાં હતા.

આ બનાવમાં આજી ડેમ પોલીસ મથકના સ્ટાફ હરેન્દ્રસિંહ જાડેજાની ફરિયાદ પરથી છગન બીજલ, મગન બીજલ રાઠોડ, મહેશ છગન રાઠોડ, ખોડા છગન રાઠોડ, રોંજય મગન રાઠોડ, લક્ષ્મણ લાલજી રાઠોડ, લાભુબેન છગનભાઈ રાઠોડ, દેવુબેન મગનભાઈ રાઠોડ, દક્ષાબેન લક્ષ્મણભાઈ રાઠોડ, કાન્તાબેન રમેશભાઈ રાઠોડ, કલ્પેશ ભીખ સોલંકી, સંજય ભીખુ સોલંકી, નાથા જેરામ, ખીમજી નાથાભાઈ, ભુપત નાથા,રોનક નાથા, પોપટ વશરામ, કેસુબેન વશરામ, ચના વસરામ, સામજી બચુભાઈ અને અક્ષીત છાયા સહિત કુલ ૨૧ શખ્સો સામે ગુનો નોંધાયેલ અને આરોપીઓની ધરપકડ કરેલ. આ ગુનામાં આરોપી મગન બીજલ રાઠોડ રાજકોટ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જેમાં બંને પક્ષોની રજુઆત ફરિયાદીના એડવોકેટ દ્વારા લેખીત મૌખીક દલીલ કરતા આ કામના ચાર આરોપી ત્રણ વર્ષથી જેલમાં છે. જે પૈકી સંજય મગને ડિસેમ્બર ૨૦૨૨માં હાઇકોર્ટમાં કરેલી જામીન અરજી પરત ખેંચી હતી જે હકિકત છુપાવી છે. તેમજ ડિસ્કરી પંચનામાં પ્રમાણે આરોપીઓ પાસેથી પિયાર કબ્જે લેવામાં આવ્યા છે. જામીન અરજી નામંજૂર કરવા દલીલ કરી હતી. તમામ દલીલથી સહમત અધિક સેશન્સ જજ બી.ડી.પટેલે, આરોપી મગન બીજલ રાઠોડની જામીન અરજી નામંજુર કરતો હુકમ કરેલ છે. આ કેસમાં સરકાર પક્ષે સ્પે.પીપી અનીલભાઈ દેસાઈ અને મુળ ફરિયાદી વતી એડવોકેટ તરીકે રૂપરાજસિંહ પરમાર, મનીષભાઈ પાટડીયા, અજીત પરમાર, હુસેન હેરેજા, શકિત ગઢવી, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવીભાઈ લાલ અને જીત શાહ રોકાયા હતા.

બે સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચરનાર આરોપીનો નિર્દોષ છુટકારો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

ફરિયાદીએ પોતાની બન્ને સગીર વયની પુત્રીઓ જેમાં પ્રથમ મોટી પુત્રી (ઉ.વ.૧૬) અને નાની પુત્રી (ઉ.વ.૧૫) ને લલચાવી- ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે અપહરણ થયા અંગેની ફરીયાદ રાજકોટના બી.ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવેલી હતી. જે કામે આરોપી પોપટ વહાણભાઈ ગોલતર (ભરવાડ) ની રાજકોટ બી.ડિવિઝન પોલીસ દ્વારા ધરપકડ કરવામા આવેલ. જે કેસ ચાલી જતા પોકસો અદાલતે આરોપીને ઉપરોકત ગુન્હાના કામ સબબ નિર્દોષ છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે.

આ કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ભોગ બનનારના પિતાએ રાજકોટના બી.ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પોતાની સગીર વયની બન્ને પુત્રીઓને લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી જવા અંગેની ફરિયાદ આપેલ હતી. જેના અનુસંધાને પોલીસ દ્વારા તપાસ કરતા ભુજ મુકામેથી આરોપીની ધરપકડ કરીને રાજકોટ સ્પે. પોકસો કોર્ટના જજ સમક્ષ રજુ કરતા આરોપીઓને ન્યાયીક હીરાસતમાં મોકલવાનો હુકમ ફરમાવેલ હતો.

જે કેસ ચાલી જતા ફરીયાદ પક્ષ તરફથી કુલ-૧૭ સાહેદોને તપાસવામાં આવેલ તેમજ ૩૨-ડોકયુમેન્ટરી પુરાવાઓ રજુ કરવામાં આવેલ. આ કામમાં અતિ મહત્વના ગણતા સાહેદ એટલેકે ભોગ બનનાર તથા ફરીયાદીની કોર્ટ સમક્ષની જુબાનીમાં બનાવની હકીકતને સમર્થનકારીક જુબાની આપેલ. પરંતુ બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલી ઉલ્ટ તપાસમાં બનાવથી વિપરીત હકીકત રેકર્ડ પર આવેલ તથા ઘણો બધો વિરોધાભાષ રહેલ હોય તેમજ તેમની જુબાની શંકાશીલ હોય તેમજ આરોપી સામે બે સગીરાઓનું અપહરણ કરી દુષ્કર્મ કરવાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ હતું.

ફરીયાદ પક્ષ કેસને નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય અને બચાવ પક્ષ તરફે રોકાયેલા એડવોકેટએ કરેલ રજુઆતો તેમજ વડી અદાલતના રજુ રાખેલ ચુકાદાઓને ધ્યાનમા લઈ આરોપી પોપટ વહાણભાઈ ગોલતર(ભરવાડ)ને સ્પે. પોકસો કોર્ટના જજે શંકાનો લાભ આપી ગુન્હામાં નિર્દોષ છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે.

એડવોકેટ: જીજ્ઞેશ સભાડ

એડવોકેટ: રણજીત બી. મકવાણા

આ કેસમાં આરોપી વતી એડવોકેટ જીજ્ઞેશ એમ. સભાડ, રણજીત બી. મકવાણા રોકાયેલા હતા.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

મનપા દ્વારા પહાડ જેવા વેરા વધારાની જનતાને 'નવા વર્ષની ભેટ'?

સામાન્ય વધારો, થિયેટર ટેકસ, ઓપન પ્લોટ ટેકસમાં વધારો માંગવામાં આવ્યો છે.તો પ્રથમ વખત રાજય સરકારના માર્ગદર્શનથી અમદાવાદ, વડોદરાની જેમ પર્યાવરણ ચાર્જ દાખલ કરવામાં આવ્યો છે જે માત્ર ૫૦૦ ફુટથી મોટી કોમર્શિયલ મિલ્કતોને જ ટકાવારી મુજબ લાગુ પડશે. એટલે કે રહેણાંક મકાનોને પર્યાવરણ ચાર્જ લાગુ પડવાનો નથી. આજે કમિશ્નર અમિત અરોરાએ નવા નાણાંકીય વર્ષનું અંદાજપત્ર રજૂ કરતા જણાવ્યું હતું કે ૨૦૨૩-૨૪નું ૨૫.૮૬ અબજનું અંદાજપત્ર લાંબી વિચારણાના અંતે તૈયાર કરવામાં આવ્યું છે. આગામી બજેટની થીમ નિર્મલ રાજકોટ અનુસાર જળ, વાયુ અને થલ એમ ત્રિક્ષેત્રીય શુધ્ધતા અને સ્વચ્છતા પર રાખવામાં આવી છે. શુધ્ધ પાણી, જાહેર માર્ગો ડસ્ટ ફ્રી બનાવવા અને હવાની ગુણવત્તામાં સુધારો કરીને રાજકોટ શહેરની રહેવા લાયકની છબી વધુ મજબુત બનાવવા પ્રયાસ કરવામાં આવ્યો છે. શહેરના સર્વાંગી વિકાસ માટે આવકના સાધનો મજબુત કરવાની જરૂર લાગતા જુદા જુદા કરવેરામાં વધારો કરવા નકકી કરવામાં આવ્યું છે. રાજકોટ શહેરમાં રોજ ૨૦ મીનીટ પાણી વિતરણ માટે સૌની યોજનાથી પણ પાણી લેવામાં આવે છે. જળાશયોથી પાણી પમ્પીંગ કરવા સહિતનો મેન્ટેનન્સ ખર્ચ ૧૫૭ કરોડે પહોંચી ગયો છે. હાલ ૨૦૦૮થી રહેણાંકમાં રૂા. ૮૪૦ વોટર ચાર્જ લેવામાં આવે છે જે નવા વર્ષથી માસિક રૂા.૨૦૦ લેખે રૂા.૨૪૦૦ કરવા પ્રસ્તાવ મુકયો છે. કોમર્શિયલનો દર રૂા.૧૬૮૦માંથી માસિક રૂા. ૪૦૦ લેખે વાર્ષિક રૂા.૪૮૦૦ સૂચવવામાં આવ્યો છે. ઘરે ઘરે કચરા એકત્રીકરણની વ્યવસ્થા ખુબ સફળ થઇ છે. હાલ ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન ચાર્જ રહેણાંક મિલ્કત માટે રોજના રૂા. એક લેખે વાર્ષિક ૩૬૫ અને બિન રહેણાંકમાં રોજના રૂા. બે લેખે વાર્ષિક રૂા. ૭૩૦ લેવામાં આવે છે. છેલ્લા પાંચ વર્ષમાં આ ખર્ચ વર્ષે ૧૫ કરોડથી વધીને હવે ૩૦ કરોડ થવા જાય છે. ૨૦૧૬ બાદ કોઇ વધારો કરાયો ન હોય, નવા વર્ષથી ઘરદીઠ દૈનિક રૂા. બે લેખે રૂા. ૭૩૦ અને બિનરહેણાંકમાં રોજના રૂા. ૪ લેખે રૂા. ૧૪૬૦ ચાર્જ રાખવા દરખાસ્ત મુકવામાં આવી છે. રાજકોટના ખુલ્લા પ્લોટ ન્યુસન્સ પોઇન્ટ બને ત્યારે જાહેર આરોગ્યને પણ નુકસાન થાય છે. આથી આ પ્લોટ પરના ટેકસમાં વધારો મુકવામાં આવ્યો છે. ૫૦૦ ચો.મી. સુધીના ખુલ્લા પ્લોટ માટે વાર્ષિક રૂા.૨૮ પ્રતિ ચો.મી.,૫૦૦ મીટરથી વધુના પ્લોટ માટે વાર્ષિક રૂા. ૪૨, કોમર્શિયલ ઉપયોગ થતા પ્લોટ માટે વાર્ષિક રૂા.૫૬ દર નકકી કરાયો છે. જેની આવક આ પ્લોટની સફાઇમાં જ ઉપયોગ કરાશે. મકાન વેરામાં કાર્પેટ પધ્ધતિનો અમલ ૨૦૧૮થી શરૂ થયો છે. જેમાં રહેણાંક માટે સામાન્ય કર રૂા. ૧૧ પ્રતિ ચો.મી. અને બિન રહેણાંકમાં રૂા.૨૨ દર અમલમાં છે. હવે ૨૦૨૩-૨૪થી રહેણાંકમાં રૂા. ૧૩ અને બિન રહેણાંકમાં રૂા.૨૫ પ્રતિ ચો.મી. ચાર્જ મુકવા નકકી કરવામાં આવ્યું છે. જે માટે અલગ અલગ સ્લેબ મુજબ અમલવારી થશે. થિયેટર ટેકસ હાલ પ્રતિ શો રૂા. ૧૦૦ છે જે ટેકસ હવે પ્રતિ શો રૂા. ૧૦૦૦ મુકવામાં આવ્યો છે. સિંગલ સિનેમા ઘર નહીંવત છે અને મલ્ટીપ્લેકસમાં ટીકીટના દર ખુબ ઉંચા છે ત્યારે આ નિર્ણય કરવામાં આવ્યો છે. નવા વર્ષના બજેટમાં કમિશ્નર અમિત અરોરાએ ગત વખતની જેમ જ ફુલગુલાબી અને આકાશી યોજનાઓ મૂકી નથી. અંદાજપત્રને વાસ્તવિકતાથી નજીક રાખ્યુ છે. હયાત બ્રીજ સહિતના પ્રોજેકટ પૂરા કરવા પર ફોકસ રાખ્યું છે. અનિવાર્ય એવા સાંઢીયા પુલના નવનિર્માણ માટે ૬૦ કરોડ, માલવિયા કોલેજ ફાટક વિસ્તૃતિકરણ માટે રૂા.૧ કરોડ અને કટારીયા ચોકડીએ બ્રીજના સર્વે માટે રૂા. ૫૦ લાખની જોગવાઇ રાખી છે. આ ઉપરાંત અનિવાર્ય એવા વિકાસના કામો ઉપર જ વધુમાં વધુ ધ્યાન રાખવામાં આવ્યું છે. આજે પોતાનું બીજું બજેટ રજૂ કરતા કમિશ્નરે રાજકોટમાં હવાની ગુણવત્તા સુધારવા, જાહેર માર્ગો ડસ્ટ ફ્રી કરવા

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

અને પીવાના શુધ્ધ પાણી લોકો સુધી પહોંચાડવાને જ અગ્રતા આપી છે. આજે કમિશ્નરે સ્ટે.ચેરમેન પુષ્કર પટેલને અંદાજપત્ર સોંપ્યુ હતું. હવે સ્થાયી સમિતિ એકાદ સપ્તાહ અભ્યાસ કર્યા બાદ જરૂરી સુધારા વધારા સાથે બજેટ મંજૂર કરશે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક

RECRUITMENT

DESIGNATION
Reporter
Photographer/Videographer
Video Editor
Computer Operator
Telemarketer
Corporate Marketing

EXPERIENCE
Experienced / Freshers

WORKING HOURS
8 Am To 6 Pm

WALK IN INTERVIEW
Monday to Saturday
10 am to 7 pm

ADDRESS
122, Star Chambers,Harihar Chowk,
Near Panchnath Mandir, Rajkot
Email: saurashtrakranti@gmail.com
Contact: +91 94097 57062

MALE AND FEMALE BOTH CAN APPLY

બજેટ પહેલા સોના ચાંદીના ભાવમાં ધરખમ ઘટાડો

સોનાની કિંમત ૫૬,૮૮૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૧

દેશમાં વર્ષ ૨૦૨૩-૨૪નું બજેટ રજૂ થવાનું છે ત્યારે આ પહેલા બુલિયન માર્કેટમાં સોના અને ચાંદીના ભાવમાં ફેરફાર જોવા મળી રહ્યા છે. બજેટની રજૂઆત પહેલા સોના ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. મલ્ટી કોમોડિટી એક્સચેન્જમાં સોનાનો ભાવ રૂ.૫૭,૦૦૦ પર ટ્રેડ થઈ રહ્યો છે. જ્યારે ચાંદીનો ભાવ ૬૮,૫૦૦ રૂપિયાની આસપાસ કારોબાર કરી રહ્યો છે. સોના અને ચાંદીના ભાવમાં સોનાના ભાવમાં ૦.૦૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે.તેની સાથે જ તે ૫૭,૦૧૮ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના સ્તર પર કારોબાર કરી રહ્યો છે. બીજી તરફ દેશની રાજધાની દિલ્હીના બુલિયન માર્કેટમાં સોમવારે સોનાના ભાવમાં ૮૦ રૂપિયાનો ઘટાડો જોવા મળ્યો છે.આ સાથે સોનાની કિંમત ૫૬,૮૮૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર રહી.

છેલ્લા ટ્રેડિંગ સેશનમાં સોનું રૂ. ૫૬,૯૬૦ પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થયું હતું.બીજી તરફ ચાંદીના ભાવની વાત કરીએ તો તેમાં ૦.૦૭ ટકાનો ઘટાડો થયો છે અને તે ૬૮૫૪૩ રૂપિયા પ્રતિ કિલોના સ્તર પર છે. અગાઉના ટ્રેડિંગ સેશનમાં ચાંદી રૂ. ૬૮,૯૭૫ પ્રતિ કિલોગ્રામ પર બંધ હતી. વૈશ્વિક બજારમાં પણ સોના-ચાંદીના ભાવમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. અમેરિકન સોનામાં ૦.૩૩ ટકા ઘટાડો થયો છે.જ્યારે ચાંદીનો ભાવ ૦.૪૭ ટકા ઘટીને ૨૩.૭૩૩ ડોલર પ્રતિ એવરેજ નોંધાયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

રેસકોર્ષ-ટ્રેડફેર ખાતે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરાઈ

વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોના વિજેતા ૩૫૦ બાળકોને ઈનામ વિતરણ કરી પ્રોત્સાહીત કરતા ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, સુરેન્દ્રસિંહ વાળા સહિતના મહાનુભાવો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૧

વી કેન ગ્રુપના પ્રમુખ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સદસ્ય ડો.પીનાબેન કોટક અને શહેર ભાજપ મીડીયા વિભાગના રાજન ઠક્કરની અખબારી યાદીમાં જણાવાયું છે કે રાજકોટ મહાનગર ખાતે દર વર્ષે યોજાયો ટ્રેડફેર શહેરીજનો માટે હંમેશા આકર્ષણનું કેન્દ્ર બન્યો છે ત્યારે વીકેન ગ્રુપ દ્વારા રેસકોર્ષ ખાતે યોજાયેલ ટ્રેડ ફેરમાં સતત નવ દિવસ સુધી પ્રજાસતાક પર્વની ઉજવણીના ભાગરૂપે શહેરના બહેનો અને બાળકો માટે વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતીક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરેક સ્પર્ધાની થીમ દેશભક્તિ પર આધારીત રાખવામાં આવી હતી. જેમાં બહોળી સંખ્યામાં લોકોએ મનોરંજન માણી લાભ લીધો હતો. ત્યારે ટ્રેડફેરના અંતિમ દિવસે દરેક સ્પર્ધામાં ભાગ લીધેલ વિજેતા થયેલ બહેનો-બાળકોને શિલ્ડ- સર્ટીફીકેટ સાથે ઈનામ આપી બીરદાવવામાં આવ્યા હતા. તેમજ સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ બહેનો-બાળકોને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને રાજકોટ પશ્ચિમના ધારાસભ્ય અને શહેરના ડેપ્યુટી મેયર ડો.દર્શિતાબેન શાહ, રાજકોટ મહાનગરપાલિકાના દંડક સુરેન્દ્રસિંહ વાળા, ભાજપ અગ્રણી કાશ્મીરાબેન નથવાણી, બ્રહ્મસમાજના મહિલા અગ્રણી લીનાબેન શુકલ, શહેર ભાજપ કાર્યાલય મીડીયા વિભાગના રાજન ઠક્કર, સીટી ન્યુઝના નિયતીબેન નથવાણી, નેશનલ મોટીવેશન સ્પીકર ભરતભાઈ દુદકીયા, શિક્ષણ સમિતિના પૂર્વ વાઈસ ચેરમેન અલ્કાબેન કામદાર, શહેર ભાજપ યુવા મોરચાના પુર્વેશ ભટ્ટ, ટ્રેડફેરના આયોજક ક્રિષ્નારાજસિંહ જાડેજાએ વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

ત્યારે આ નવ દિવસ દરમ્યાન આ વિવિધ સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે ડો.માધવી બારાઈ, ડો. ખુશ્બુ દેસાણી દવે, ડોલીબેન ટાંક, સેજલબેન રાયઠઠા, અલકાબેન કામદાર, પારૂલબેન કપીલભાઈ પંડયા, મીતાબેન વીઠલાણી, પુર્વીબેન પોકર, હરીતાબેન ચંદારાણાએ સેવા બજાવેલ હતી. આ કાર્યક્રમનું સંચાલન શિવાની કોટકએ કર્યુ હતું. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા વી કેન ગ્રુપના ટ્રસ્ટી સર્વે ઘનશ્યામભાઈ કોટક, ડો.તૃપ્તીબેન કોટક, ડો.પીનાબેન કોટક, રાજુભાઈ ઠાકર, નીશાબેન ચોલેરા, ચેતન પંજવાણી સહીતનાએ જહેમત ઉઠાવી હતી.

ઈંગ્લીશ દારૂના ગુન્હામાં આરોપીનો નિર્દોષ છુટકારો

એડવોકેટ: અમિત જનાણી

એડવોકેટ: ઉર્વી આચાર્ય

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૧

ડીસીબી પાલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન લોઠડા ગામે પહોંચતા સાથેના સ્ટાફના માણસોને સંયુકત રીતે બાતમી મળેલ તે જગ્યાએ પંચોને સાથે રાખી રેડ કરતાં મેકડોલ નં.૧, ફોર સીલ ઈન હરીયાણા લખેલી ૭૫૦ એમ.એલ.ની છ બોટલો મળી આવતા ત્યાં હાજર રમેશ માવજીભાઈ ભાલાળા વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ. ત્યારબાદ ઉપરોકત કેસ ચાલી જતાં બચાવ પક્ષે તેના એડવોકેટએ દલીલો કરતાં સદરહું કામના પંચો હોસ્ટાઈલ થયેલ છે અને તેઓ ફરિયાદીની ફરિયાદને લેશમાત્ર સમર્થન આપતા ન હોય તેમજ સદરહું કામે તપાસ કરનાર તેમજ ફરિયાદી અને સાહેદો પોલીસ સાહેદ હોય જે પોતાની ફરિયાદને અનુરૂપ રસ ધરાવતા સાહેદો ગણી શકાય. ઉપરોકત દલીલોને ધ્યાનમાં લઈ કોર્ટે આરોપી રાજુ ભાઈ માવજીભાઈ ભાલાળાને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવેલ હતો.

આ કેસમાં આરોપી વતી રાજકોટના યુવા ધારાશાસ્ત્રી અમિત એન. જનાણી, ઈકબાલ શૈયમ, ઉર્વી આચાર્ય તથા આસિ. તરીકે વૈદાંસી બગડા રોકાયેલ હતા.

સશસ્ત્ર સેના ધ્વજ દિન ભંડોળમાં દાન આપનાર દાતાઓનું કલેકટર અરૂણ મહેશ બાબુના હસ્તે કરાયું સન્માન

દેશ માટે સર્વસ્વ ન્યોચ્છાવર કરનાર સૈનિક પરિવારજનોના કલ્યાણ માટે ઉદારા હાથે ફાળો આપવા કલેકટરનો અનુરોધ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૧

ભારત વર્ષની સુરક્ષા અને સલામતી માટે સેવારત વીર સૈનિકોના પરિજનો ગૌરવ અને સન્માનપૂર્વક જીવન જીવી શકે તે માટે પ્રતિ વર્ષ ૮ ડિસેમ્બરના રોજ સશસ્ત્ર સેના ધ્વજ દિન ઉજવવામાં આવે છે,જેમાં દેશવાસીઓ દ્વારા દાન આપવામાં આવતું હોઈ છે.વર્ષ ૨૦૨૧-૨૨ માં રૂ. ૨૦ હજારથી વધુ દાન આપનાર દાતાઓનું કલેકટર અરૂણ મહેશ બાબુના હસ્તે પ્રશસ્તિ પત્ર આપી સન્માન કરાયું હતું. આ તકે કલેકટર અરૂણ મહેશ બાબુએ સર્વે દાતાઓનો આભાર માની જણાવ્યું હતું કે,રાષ્ટ્રની સરહદો તેમજ આંતરિક રક્ષા કરતા શહિદ વીર જવાનો તેમજ શારીરિક રીતે ઈજાગ્રસ્ત સૈનિકો અને તેમના પરિવારજનોને આર્થિક રીતે પગભર થવામાં,તેમના શિક્ષણ અને આરોગ્ય, દીકરીઓના લગ્ન અર્થે સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ વિભાગ કાર્યરત છે.દેશવાસીઓની પવિત્ર ફરજ છે કે તેઓની જરૂરિયાત સમયે આપણે તેમની સાથે રહેવું જોઈએ. ગત વર્ષે રૂ.૨૫ લાખના ટાર્ગેટ સામે પૂર્વ શહિદ સૈનિકો તેમજ તેમના પરિવાજનોના કલ્યાર્થે સરકારી, અર્ધ સરકારી વિભાગો,બોર્ડ નિગમો, શાળા,કોલેજ, સામાજીક સંસ્થાઓ તેમજ વ્યક્તિગત લોકો દ્વારા ગત વર્ષે રૂ. ૩૭.૪૦ લાખ ફાળો આપવામાં આવ્યો હતો. તેજ રીતે વર્ષ ૨૦૨૩ માં પણ ઉદાર હાથે ફાળો આપવા કલેકટરએ અનુરોધ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી રાજકોટ હેઠળ ૩,૬૫૨ પૂર્વ સૈનિકો, ૭૨૩ સ્વર્ગસ્થ સૈનિકોના ધર્મપત્નીઓ,૧૨,૪૦૨ આશ્રિતો સહિત કુલ ૧૬,૭૭૭ લાભાર્થીઓ નોંધાયેલા છે. જેઓને ગત વર્ષે રૂ.૩૭,૩૦,૫૦૦ ની વિવિધ આર્થિક સહાય ચુકવવામાં આવી હોવાનું કમાન્ડર સંદીપ જયસ્વાલે જણાવ્યું હતું.

સૈનિક કલ્યાણ અર્થે આપવામાં આવતું દાન ૮૦ જી અંતર્ગત ઈન્કમ ટેક્ષમાં કરમુક્ત રહે છે. કલેકટર કચેરી ખાતે આયોજીત વિશેષ સન્માન સમારંભ તેમજ ત્રિમાસિક બેઠકમાં કલેકટર અરૂણ મહેશ બાબુ તેમજ કમાન્ડર સંદીપ જયસ્વાલ, કેપ્ટન આર.એસ.જાડેજા,કેપ્ટન જયદેવ જોશી, એ.સી.પી. પઠાણ સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ તેમજ દાતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

દેહદાન મહાદાન

અવસાન નોંધ

મુળ ભેસજાળ: હાલ રાજકોટ સ્વ.ગણપતસિંહ રઘુભા રાણાના પુત્ર અને પરબતસિંહ રઘુભા રાણાના ભત્રીજા, રાણા શકિતસિંહ ગણપતસિંહનું તા.૨૯ ના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૨ ના સવારે ૯:૩૦ થી ૧૧:૩૦ સ્વામિનારાયણ મંદિર કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

રાજકોટ શહેર તકેદારી સમિતિની બેઠક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૧

રાજકોટ શહેર તકેદારી સમિતિની બેઠક આજ તા.૩૧ જાન્યુઆરીએ સાંજે ૫.૧૫ વાગ્યે શહેર પોલિસ કમિશનર કચેરી ખાતે યોજાશે, પોલિસ કમિશ્નરની અધ્યક્ષતામાં યોજાનાર આ બેઠકમાં સંબંધિત સર્વે વિભાગોના અધિકારીઓને ઉપસ્થિત રહેવા યાદીમાં જણાવાયું છે.

જિલ્લા પ્રવાસન સમિતિની આજે મળશે બેઠક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૧

રાજકોટ જિલ્લા પ્રવાસન સમિતિની બેઠક ૩૧ જાન્યુઆરીના રોજ બોપોરે ૪:૩૦ કલાકે કલેકટર કચેરીના સભાખંડમાં યોજાશે.જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં યોજાનાર આ બેઠકમાં સંબંધિત સર્વે સરકારી વિભાગોના અધિકારીઓને ઉપસ્થિત રહેવા યાદીમાં જણાવાયું છે.

મહુવામાં ટ્રક અને રિક્ષા વચ્ચે અકસ્માત થતાં બે શિક્ષિકા સહિત ત્રણના મોત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૧

ભાવનગરના મહુવામાં નેશનલ હાઈ-વે પર ટ્રક અને રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં બે શિક્ષિકા સહિત કુલ ત્રણ લોકોનાં મોત નીપજ્યા છે. અચાનક થયેલા મોતને કારણે ત્રણેયના પરિવારમાં આક્રંદ છવાયો હતો.

મળતી માહિતી મુજબ મહુવા નેશનલ હાઈ-વે પર રિક્ષા અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.જેમાં રિક્ષામાં સવાર ત્રણ લોકોનાં મોત નીપજ્યા હતા. જેમાંથી બે શિક્ષિકા બહેનો રિક્ષામાં શાળાએ જઇ રહી હતી. પરંતુ શાળાએ પહોંચે તે પહેલા જ કાળ બનીને આવેલા ટ્રકે તેમનો જીવ લઈ લીધો હતો.બનાવની જાણ થતાં પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે ઘટના સ્થળે પહોંચીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ વગેરે
પ્રસિધ્ધ કરાવો
ફકત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

રાજકોટ જીલ્લા ભાજપ યુવા અગ્રણી દર્શીત જોશીનો આજે જન્મદિવસ

રાજકોટ: રાજકોટ જીલ્લા ભાજપ યુવા અગ્રણી દર્શીત જોશી આજે ૨૩ વર્ષ પૂર્ણ કરીને ૨૪ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ છે. જ્ઞાનજ્યોત એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે તેઓ જવાબદારી સંભાળી રહ્યા છે. તેમના જન્મદિવસ નિમિતે જિલ્લા ભાજપના હોદ્દેદારો, ધારાસભ્ય, સાંસદસભ્ય, સહકારી આગેવાનો તેમજ યુવા મોરચાના તમામ હોદ્દેદારોએ (મો.નં.૯૫૧૨૫૫૫૦૦૯) ઉપર શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

જોહર કાર્ડસવાળા શેખ યુસુફઅલીભાઈનો આજે જન્મદિવસ

રાજકોટ: રાજકોટના જોહરકાર્ડસવાળા શેખ યુસુફઅલીભાઈનો જન્મ તા.૩૧-૧-૧૯૫૦માં થયેલ હતો. ૫૫ વર્ષ પહેલા અડધો દિવસ સ્કૂલે જતા અને અડધો દિવસ નોકરી કરતા આજે ૭૩ માં વર્ષની કારકિર્દીનો શ્રેય મિત્રો, વેપરી મિત્રો, વડીલો-ભાઈઓને આપું છું તેમ જણાવ્યું છે. શેખ યુસુફઅલીભાઈ (મો.નં.૯૪૨૮૮ ૯૪૭૫૨)

રાજકોટમાં
વિડિયો એડ, કોર્પોરેટ ફિલ્મ
અને પ્રમોશનલ વિડિયો
બનાવવા માટે કોલ કરો
95123 30013
VEEADEE FILMS
VeeDee Films Pvt. Ltd.
www.veedeefilms.com

મહિલા અને બાળ વિકાસ સમિતિની મળી બેઠક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૧

રાજકોટ જિલ્લા પંચાયત મહિલા અને બાળ વિકાસ સમિતિની રાજકોટ જિલ્લા પંચાયત ભવન ખાતે બેઠક મળી હતી. આ મિટિંગમાં રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ ભૂપતભાઈ બોદર, ચેરમેન સુમિતાબેન રાજેશભાઈ ચાવડા સાથી સભ્યો ગીતાબેન ટીલાળા, પ્રવિણાબેન રંગાણી, અલ્પાબેન તોગડિયા, અશ્વિનાબેન ડોબરિયા સાથે પ્રોગ્રામ ઓફિસર સાવિત્રીબેન નાથજી સહિતના હાજર રહ્યા હતા.

આ મિટિંગમાં મહિલા અને બાળ વિકાસ અંતર્ગત ચાલતી જુદી જુદી યોજનાઓની સમીક્ષા, સ્વ.ભંડોળના કામો તથા ઘટક કક્ષાએથી સ્વ.ભંડોળની બચત ગ્રાન્ટ ખર્ચની આયોજન અંગેની ચર્ચા, મનરેગા કન્વઝનથી ચાલતા આંગણવાડી કેન્દ્ર બાંધકામની અંગેની ચર્ચા, આંગણવાડી કેન્દ્ર ખાતે આવતા બાળકોમાં કુપોષણ નિવારવા અંગેની સમીક્ષા, ગ્રામ્ય કક્ષાએ આંગણવાડી કેન્દ્ર માટે જમીનના ઠરાવ મેળવવા માટેની ચર્ચા અને અમારા અધ્યક્ષ સ્થાનેથી નવી આંગણવાડી, આંગણવાડી રિપેરિંગ કરવી, રાજય સરકાર દ્વારા મળતી ગ્રાન્ટમાંથી આંગણવાડીના બાળકોને સહાય વસ્તુ આપવી ચર્ચા વિચારણા કરાયેલ હતી.

કાલે શહેર ભાજપની કારોબારી બેઠક યોજાશે

પ્રદેશ ભાજપ આર્થિક સેલના સંયોજક પ્રેરકભાઈ શાહ ઉપસ્થિત રહેશેઃ કમલેશ મિરાણી

સાંજે ૬:૩૦ કલાકે શહેર ભાજપ 'કમલમ્' કાર્યાલય ખાતે અપેક્ષીત શ્રેણીના કાર્યકર્તાઓને સમયસર ઉપસ્થિત રહેવા અનુરોધ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરની એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવાયુ છે કે ભારતીય જનતા પાર્ટીની પ્રણાલિકા મુજબ પ્રદેશ કક્ષાએ યોજાયેલ કારોબારી બેઠક બાદ મહાનગર કક્ષાએ અને ત્યારબાદ વોર્ડકક્ષાએ કારોબારી બેઠક યોજવામાં આવતી હોય છે ત્યારે તે અંતર્ગત પ્રદેશ ભાજપ કારોબારી બેઠક સંપન્ન થયા બાદ શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીની અધ્યક્ષતામાં ભારતીય જનતા પાર્ટી, રાજકોટ મહાનગરની શહેર ભાજપની અપેક્ષીત શ્રેણીના સભ્યોની કારોબારી બેઠક આવતીકાલે તા.૧/૨ ના બુધવારે સાંજે ૬:૩૦ કલાકે શહેર ભાજપ કમલમ કાર્યાલય, શીતલ પાર્ક બસ સ્ટોપ પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ ખાતે યોજાશે. જેમાં પ્રદેશ ભાજપ આર્થિક સેલના સંયોજક પ્રેરકભાઈ શાહ તેમજ પ્રદેશ ભાજપ અગ્રણીઓ વિવિધ પ્રસ્તાવો, ધન્યવાદ પ્રસ્તાવ તેમજ પાર્ટીના આગામી કાર્યક્રમો અંગે તેમજ સંગઠનલક્ષી માર્ગદર્શન પુરૂ પાડશે. તો આ કારોબારી બેઠકમાં શહેર ભાજપની અપેક્ષીત શ્રેણીના કાર્યકર્તાઓને સમયસર ઉપસ્થિત રહેવા શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરએ અનુરોધ કરેલ છે.

રેલવેના સિનિયર ડીસીએમની બદલી : સુનિલકુમારની નિમણૂક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

રાજકોટ રેલવેના સિનિયર ડીસીએમ અભિનવ જૈફની ભાવનગર બદલી કરવામાં આવી છે.જ્યારે તેમના સ્થાને સુનિલકુમાર મીના નવા ડીસીએમ બન્યા છે. સુનિલકુમાર મીનાએ રાજકોટ ડિવિઝનના નવા સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે. તેમની નિમણૂક અભિનવ જૈફના સ્થાને કરવામાં આવી છે.

જેમની ભાવનગર ડિવિઝનના સિનિયર ડિવિઝનલ ઓપરેટિંગ મેનેજર તરીકે બદલી કરવામાં આવી છે.મીના ૨૦૧૦ ની બેચના ભારતીય રેલવે ટ્રાફિક સેવાના વરિષ્ઠ અધિકારી છે. તેમણે સૈનિક સ્કૂલ, ચિત્તોડગઢમાંથી શાળાકીય શિક્ષણ મેળવ્યું હતું.મીનાએ પશ્ચિમ રેલવેમાં વિવિધ મહત્ત્વના હોદ્દાઓ સંભાળ્યા છે.જેમાં આસિસ્ટન્ટ ઓપરેટિંગ મેનેજર અમદાવાદ, ડિવિઝનલ ઓપરેટિંગ મેનેજર રતલામ અને સિનિયર ડિવિઝનલ કોમર્સિયલ મેનેજર રતલામ ડિવિઝન સામેલ છે.તેમણે ઇન્ડિયન રેલવે ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટમાંથી લોજિસ્ટિક્સ અને મેનેજમેન્ટની તાલીમ લીધી છે.

યુનિવર્સિટી દ્વારા પીએચ.ડી.માં હવે વર્ષમાં બે વખત પ્રવેશનો નિર્ણય

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા યોજાયેલ સિન્ડિકેટ બેઠકમાં પીએચ.ડી.નાં અભ્યાસક્રમમાં હવે વર્ષમાં બે વખત પ્રવેશ મળવાના લેવાયેલ નિર્ણયથી હજારો વિદ્યાર્થીઓને ફાયદો મળશે.જાન્યુઆરી બાદ હવે જૂન માસમાં પણ પ્રવેશની તક મળશે એટલે કે પીએચ.ડી.ની પ્રવેશ પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીને તે જ વર્ષમાં બે વખત ડીપાર્ટમેન્ટ રીસર્ચ કમિટીમાં બેસવા મળશે અને ગાઈડ હેઠળ ખાલી રહેલી જગ્યાઓ પર મેરીટ મુજબ પ્રવેશથી તમામ જગ્યાઓ ભરાઈ જશે.

યુ.જી.સી.ના નિયમને ટાંકી નવા વર્ષથી એટલે કે જૂન ૨૦૨૩ થી યુનિવર્સિટીના ૨૯ ભવનોમાં હેડશીપ બાય રોટેશનનો અમલ કરવા નિર્ણય લેવાયો છે.

જો કે તેમાં કાયમી અધ્યાપકને જ સ્થાન મળશે.હાલ જયારે યુનિવર્સિટી સંલગ્ન મોટાભાગની ખાનગી કોલેજોએ નેશનલ અસેસમેન્ટ એન્ડ એક્રેડીએશન કાઉન્સિલ સહિતના મૂલ્યાંકનમાં જતી નથી ત્યારે હવે આ પ્રકારના રાજ્ય સરકારના કે નેશનલ કક્ષાના રેન્કિંગમાં સામેલ ન થતી કોલેજોને કાયમી જોડાણ નહિ આપવામાં આવે.

આ સાથે જ યુનિવર્સિટીમાં મદદનીશ કુલ સચિવ અને કમ્પ્યુટર ઓપરેટર (સિનિયર) ની જગ્યા પર ૪ માસમાં ભરતી કરવા સિન્ડિકેટ સભ્યોએ ઠેરવ્યું હતું.

લોકલ ઇન્કવાયરી કમિટીએ જે કોલેજને મંજૂરી માટે ભલામણ કરી તેને સિન્ડિકેટે નાં મંજૂર કરી હતી.

યુનિવર્સિટીમાં લોકલ ઇન્કવાયરી કમિટીની લાલિયાવાડી વધુ એક વખત સામે આવી છે. જામનગરની નિરાલી કોમર્સ કોલેજને મંજૂરી માટે મહેશ ચૌહાણ (સિન્ડિકેટ સભ્ય), મહેશ જીવાણી (ઇલેક્ટ્રોનીક્સ ભવન અધ્યક્ષ), વી.કે.કનેરિયા અને એચ.બી.ઘેલાણીની કમિટીએ શરતોના આધીન કોલેજ મંજૂરી માટે સિન્ડિકેટને ભલામણ કરી હતી.જો કે ટ્રસ્ટના નામે પાંચ એકરની જગ્યા ન હોવાથી આ કોલેજને સિન્ડિકેટે મંજૂરી આપી ન હતી તેમ જાણવા મળેલ છે.

હિરાસર એરપોર્ટને એપ્રિલમાં ડીજીસીઆઇનો સર્ટિફિકેટ મળશે

ડીજીસીઆઇની મંજૂરી ન મળતા ફલાઇટ ટેસ્ટીંગ હવે ફેબ્રુઆરીના બીજા સપ્તાહમાં

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

રાજકોટની ભાગોળે નિર્માણ પામી રહેલા હિરાસર એરપોર્ટને હવે એપ્રિલ માસમાં ડીજીસીઆઇનો સર્ટિફિકેટ મળશે એથી ડીજીસીઆઇની મંજૂરી ન મળતા ફલાઇટ ટેસ્ટીંગ હવે ફેબ્રુઆરીના બીજા સપ્તાહમાં યોજાશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. રાજકોટ અમદાવાદ હાઇ-વે પર હિરાસર નજીક આકાર લઇ રહેલા ઇન્ટરનેશનલ ગ્રીનફિલ્ડ એરપોર્ટની ૯૦ ટકાથી વધુ કામગીરી પૂર્ણ થઇ ગઇ છે ત્યારે અગાઉ ૧ લી ફેબ્રુઆરીના રોજ ફલાઇટ ટેસ્ટીંગનું આયોજન કરાયું હતું.પરંતુ તેની મંજૂરી ન મળતા હવે ફેબ્રુઆરીના બીજા સપ્તાહમાં ફલાઇટ રન-વે પર ઉતારી ટેસ્ટીંગ કરાશે. રાજકોટ જિલ્લા કલેક્ટર અરૂણ મહેશ બાબુએ જણાવ્યું હતું કે આંતર રાષ્ટ્રીય એરપોર્ટ પર રન વેનું કામ પુર્ણ થઇ ગયું છે અને બાકીના બાંધકામો પણ હવે પૂર્ણતાના આરે છે ત્યારે હવે આગામી ફેબ્રુઆરીના બીજા સમાહમાં ફલાઇટ ટેસ્ટીંગ કરાશે.

સીકસ સીટર ફલાઇટના ટેસ્ટીંગમાં સફળતા મળ્યા બાદ મોટા પ્લેનનું ટેક ઓફ અને ટેક ઓન કરાશે. જેમાં સફળતા મળ્યા બાદ ડીજીસીઆઇ દ્વારા જરૂરી નાવાંધા પ્રમાણપત્ર ઇસ્યૂ કરાશે. આ આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું લોકાર્પણ સંભવતઃ એપ્રિલમાં કરાશે.

પ્રથમ તબક્કામાં ડોમેસ્ટીક ફલાઇટ શરુ કરાશે અને ત્યારબાદ આંતર રાષ્ટ્રીય ફલાઇટને પણ મંજૂરી અપાશે તેમ સૂત્રો પાસેથી વિગતો જાણવા મળી રહી છે.

'આત્મમંથન'

હર જગહ એક પાગલ હોના જરૂરી હૈ

જો કોઈ ઘરને જીવંત રાખવું હોય, લાગણીથી ધગધગતું રાખવું હોય, હુંફનું એક તાપણું રાખવું હોય,
તો હર ઘર મેં..
કોઈ એક 'પાગલ' હોના જરૂરી હૈ

તમે સહમત નહીં જ થાવ, મને ખબર છે, તમે કહેશો કે કોઈ ના પાગલ હોવાં સાથે ઘર, હુંફ અને લાગણીઓને શું સંબંધ? તો મને કહો કે 'પાગલ' એટલે શું?

પાગલ એટલે એક એવી વ્યક્તિ જેને પોતાના માન - અપમાનની બહું પડી નથી, એ લગભગ બધાં સાથે સરખો વ્યવહાર કરે છે, કરવાં મથે છે કારણ એને સારાં - ખરાબ ની બહું સમજ નથી અને ફાયદા - નુકસાનની તો જરા પણ નથી, એ તો બસ પોતાની જ ધૂનમાં મસ્ત છે. એને કોઈ પાગલ કહે તો પણ ફરક નથી પડતો, એ હસતો રહે છે હંમેશા, એનાં પ્રાયોરીટી લિસ્ટમાં એ પોતે છે જ નહીં, એને મોઢું ચડાવતાં નથી આવડતું, એને પોતાને માટે, પોતાના સ્વાર્થ માટે લડતાં નથી આવડતું અને સૌથી મહત્વનું તો એ કે એને કશું યાદ નથી રહેતું એટલે એની કોઈ જ વાતમાં તમારાં ભૂતકાળમાં કરેલાં કર્મોનો જવાબ નથી હોતો અને નથી હોતાં કોઈ પણ જાતનાં મેણાં - ટોણાં..

છે કોઈ એવી વ્યક્તિ તમારી નજરમાં? તમારી આસપાસ? ઉપર બતાવેલી **characteristics** સાથે છત્રીસ નહીં તો બત્રીસ ગુણ મળે એવી? હા, હશે જ, મોટાભાગે મમ્મી અને એ નહીં તો પપ્પા તો ખરાં જ.

આ જ તો બે સ્તંભ છે જેના પર આપણું ઘર ઉભું છે. ના,ફક્ત ઉભું નથી રહેતું, સતત પ્રગતિ કરે છે, આ હમણાં પેલું શું, હા વિકા..સ!! વિકાસ સાથે છે. દરેક વ્યક્તિ પોતપોતાની રીતે આગળ આવે છે અને પેલી પાગલ વ્યક્તિ? એ ત્યાંની ત્યાં જ, **at your service,** એનાં પર આવું કરવાં માટે કોઈ બળજબરી નથી કરતું, એ તો આ બધું સ્વેચ્છાએ કરે છે.

ક્યારેક બાળકોનાં કપડાં માટે પોતાના કપડાં જતાં કરે છે તો ક્યારેક બાળકોની ફી ભરાય તે માટે પોતાની ફરવા જવાની ઈચ્છાઓ..

(મમતા પટેલ-મુંબઈ)

મમ્મી હશે તો પેડીક્યોર જતું કરશે, પોતાનાં વાઢીયા પડેલાં પગને ગરમ પાણીમાં ડૂબાડીને, કોપરાનું તેલ લગાવીને સંતોષ માનશે અને પપ્પા, એનાં તો ગંજીથી લઈને મોજાં સુધી કાણાં હશે જ હશે એની એનાં બાળકો જ શરત મારશે, એ લોકો આપણી સાવ ક્લોઝ રહેશે, આપણી જરૂરિયાતની, આપણાં શોખની અને આપણી ઈચ્છાઓની સતત ખબર રાખશે, પૂરાં કરવાની કોશિશ કરવા મથશે પણ તોયે આ બન્ને પોતાને સાન્ટા નહીં જ કહે એ પાછું એમનું વડપણ..

ક્યાંક કોઈક ફેમિલીમાં દાદા કે દાદી, ક્યારેક સંજોગોવશાત **unmarried** રહી ગયેલી કે સાસરેથી પાછી આવેલી ફોઈ પણ આવી ભૂમિકામાં હોય તો ક્યાંક ભાભુ કે કાકી, ક્યાંક નાની ઉંમરે વિધુર થયેલાં મોટાં કાકા પણ હોય. જે ઘરની ચાર દિવાલોને સતત પોતાની ઓથ આપીને ઘરને મજબૂતી બક્ષે છે, સતત બળીને એક મહેંક બક્ષે છે. ક્યારેક આધાર બને તો ક્યારેક અગરબત્તી.. અને તમે માનશો નહીં, આ 'દિવાના' લોકો ને પાછો એનો યે આનંદ આવતો હોય.

દિકરો કે દિકરી વિદેશ જાય કે મોટી ડિગ્રી હાંસલ કરે ત્યારે લોકો એમને અભિનંદન આપતાં હોય અને લોનના બોજા હેઠળ દબાયેલા એ વીર / વીરાંગના એક ક્ષણ માટે જાણે પોતે કશુંક **achieve** કર્યું હોય એમ ખુશ પણ થઈ જાણે.. શું વિચારતાં હશે આ લોકો, શું ગાતાં હશે? શું ગણગણતા હશે?

'મેં તો દિવાના..દિવાના..દિવાના..' એવું? કે પછી સબ કુછ શીખા હમને, ના શીખી હોંશિયારી? એવું કંઈક, જોકે હવે આ પ્રજાતિ લુપ્ત થવા લાગી છે, સૌ પ્રેક્ટીકલ બની ગયાં છે, બની રહ્યા છે. અને જ્યાં આ 'પ્રેક્ટીકલ' શબ્દ ઘૂસી જાય છે ને ત્યાંથી 'ઈમોશન' નામનો શબ્દ ભાગી જાય છે.

ઘરમાં આઈસક્રીમ કે ગુલાબજાંબુ બનાવ્યા હોય ત્યારે બાળકોને જો ભાવી જાય તો એ પીરસવામાં વ્યસ્ત હોવાથી બાકી રહી ગયેલી મમ્મીના ભાગનું પણ ખાઈ જાય અથવા પપ્પા જો ઘરે ના હોય તો 'એમને તો ચાલશે' એમ કરીને એમનાં ભાગમાં પણ હક્કથી ભાગ પડાવે અને મમ્મી પપ્પા બાળકોની આવી હરકતને સ્વાર્થનું નામ આપ્યા વગર હસતાં હસતાં સ્વિકારે આવું આપણે ઘણાં ઘરોમાં જોયું છે. આવી જ દિલદારી જ્યારે બોયફ્રેન્ડ કે ગર્લફ્રેન્ડ બતાવે તો આપણે એને 'પ્રેમ' કહીએ છીએ પણ મમ્મી પપ્પા એક હદથી વધું પ્રેમ કરી ગયાં આપણને ચુપચાપ, કોઈપણ જાતના શોરબકોર વગર, કોઈ પણ જાતની અપેક્ષાઓ વગર એ સમજતાં આપણે બુદ્ધા થઈ જઈએ છીએ.

આવી દિવાની વ્યક્તિ મમ્મી પપ્પા અથવા એ સિવાય પણ કોઈ હોઈ શકે ઘર - પરિવાર માટે..

બાકી સમાજ કે દેશનાં હિત માટે પણ એવાં જ લોકોની હંમેશા જરૂર હોય છે જે થોડાં દિવાના હોય, જેને પોતાના કરતાં સમાજ અને દેશની વધું ચીંતા હોય હે ને..? એમને જાણજો, સમજજો અને હા, એમને લીધે જ આપણી આ દુનિયા સ્વર્ગ બની છે અને બની રહેશે એવું માનજો..

દૂર એક ગીત વાગી રહ્યું છે,
દિવાનો સે યહ મત પૂછો,
દિવાનો પે ક્યાં ગુજરી હૈ..
ક્યાં ગુજરી હૈ..
આત્મમંથન તો આવશ્યક છે જ હોં

બગસરા નજીકથી વિદેશી દારૂ ભરેલ ટ્રક ઝડપાયો

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી, તા.૩૧

વિગત એવા પ્રકારની છે કે, બગસરા નજીક આવેલ બાયપાસ રોડ ઉપર કળશ સર્કલ પાસેથી વડિયા તરફથી આવી રહેલ એક ટ્રકને બાતમીનાં આધારે અમરેલી એલસીબી પોલીસે રોકી તપાસ કરતા આ ટ્રકમાં અનાજના કટ્ટા નીચે છુપાવેલ વિદેશી દારૂનો મસમોટો જથ્થો મળી આવતા પોલીસે વિદેશી દારૂ તથા ટ્રક સહિતના રૂા. ૩૩.૨૨ લાખનો મુદ્દામાલ સાથે બે આરોપીને ઝડપી લઈ અન્ય ૩ મળી કુલ ૫ અરોપી સામે ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આ બનાવમાં પોલીસ સુત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ જૂનાગઢ ગામે રહેતા ધીરેન અમૃતલાલ કારીયા લાખાભાઈ રબારી નામનાં બે ઈસમોએ ગુજરાત બહારથી વિદેશી દારૂ મંગાવી અને ગુજરાતમાં વેચાણ કરવા માટે ટ્રક નં. જી.જે.-૦૪ એકસ ૫૮૫૬નાં ચાલક વરનીંગ કાંધાભાઈ મોરી (રે. જૂનાગઢ) તથા બીજા ટ્રક ચાલક મુન્નાભાઈ તથા અન્ય એક આરોપી જયસુખ ઉર્ફે હસુ ઉર્ફે અશ્વિન દેવજીભાઈ ચૌહાણ રે. જાંબુડી (તા. વિસાવદર)વાળા વગેરેએ મિલીભગત કરી અલગ અલગ વિદેશી દારૂની બોટલ નંગ-૪૦૨૦ કિંમત રૂા. ૧૮,૮૦,૩૪૦ ટ્રકમાં ભરી વડિયાથી બગસરા તરફ મોડી રાત્રીએ નીકળતા આ અંગે બાતમી મળતા પોલીસે વોચ ગોઠવી અને બાતમીવાળા ટ્રકને બગસરા નજીક બાયપાસ રોડ ઉપર આવેલ કળશ સર્કલ પાસે રોકી અને વિદેશી દારૂનો મસમોટો જથ્થો પકડી પાડી ટ્રક-૧, મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા ૩૩,૨૧,૮૪૦ ના મુદ્દામાલ સાથે આરોપી ટ્રક ચાલક વરજાંગ કાંધાભાઈ મોરી તથા જયસુખ ઉર્ફે હસુ ઉર્ફે અશ્વિન દેવજીભાઈ વાઘેલા નામનાં બે આરોપીને ઝડપી લીધા હતા.

પોલીસે ટ્રક સહિતના રૂા.૩૩.૨૨ લાખના મુદ્દામાલ સાથે બે આરોપી ઝડપાયા

ઝડપાયેલ બન્ને આરોપીને પોલીસે આગવીઢબે પુછપરછ કરતા આ બનાવમાં અન્ય ત્રણ આરોપીઓનાં નામ જાહેર કરતાં પોલીસે ઝડપાયેલ બે આરોપી ઉપરાંત જુનાગઢના ધીરેન અમૃત લાલકારીયા, મુન્નાભાઈ તથા લાખાભાઈ રબારી સહિત ૫ ઈસમો સામે બગસરા પોલીસમાં ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

નાના મુંજીયાસર ગામે બાઈક સાથે કૂવામાં ખાબકતા વૃદ્ધનું મોત થતાં અરેરાટી

અમરેલી, તા.૩૧

બગસરા તાલુકાના નાના મુંજીયાસર ગામે રહેતા અને ખેતીકામ કરતાં ઘુસાભાઈ સવજીભાઈ વઘાસીયા નામના ૭૦ વર્ષીય વૃધ્ધ ગત તા.૨૮ના રોજ સાંજે પોતાની વાડીએ મોટર સાયકલ લઈ અને આંટો મારવા જતાં હતા ત્યારે અંધારામાં તેઓ તે જ ગામે રહેતા પરશોતમભાઈ બાવાભાઈ ધોરાજીયાની વાડીના કૂવામાં આ વૃધ્ધ મોટર સાયકલ સાથે પડી જતાં તેઓને માથામાં તથા કપાળના ભાગે ઈજા થતાં ઘુસાભાઈ વઘાસીયાનું મોત નિપજયાનું બગસરા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

અપહરણ કરી દુષ્કર્મ આચરનાર આરોપીનો નિર્દોષ છુટકારો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

રાજકોટ શહેરના પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદએ નોંધાવતા આરોપી શની મોહનભાઈ સોઢાની ધરપકડ કરેલી અને તે કામમાં તપાસનીશ અધિકારીએ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ સેશન્સ (પોકસો સ્પે.) કોર્ટ રજુ કરેલ જે કેસની ટ્રાયલ સેશન્સ (પોકસો સ્પે.) કોર્ટમાં ચાલેલી જ કામમાં સાહેદોના નિવેદનો કેસની હકીકત અને બચાવ પક્ષના વકીલોની રજૂઆતને ધ્યાને લઈને સેશન્સ (પોકસો સ્પે.) કોર્ટે ઉપરોકત

એડવોકેટઃ ચીમનભાઈ સાંકળીયા

આરોપીને નિર્દોષ છોડવાનો હુકમ કરેલો.

આ કેસમાં બચાવ પક્ષે રાજકોટના યુવાન ધારાશાસ્ત્રી ચીમનભાઈ ડી.સાંકળીયા, અજય એન.ત્રિવેદી, મનીષાબેન પોપટ, પ્રકાશભાઈ એ.કે શુર, મહેતા એન.સી.ઠક્કર, મુકેશભાઈ જાની વગેરે તેમજ વકીલ આસીસ્ટન્ટ/સહાયક તરીકે નિકુંજ સી.સાંકળીયા, લલીતભાઈ સી.બારોટ વગેરે રોકાયેલ હતા.

વાચકોએ નોંધ લેવી

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

સરસ્વતી વિદ્યાલય શાળામાં 'સ્વસ્થ જીવનની દિશામાં એક પગલું' સેમિનાર યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટઃ શ્રી સરસ્વતી વિદ્યાલય બ્રાહ્મણીયાપરા ગોવિંદબાગ રાજકોટ ઉપક્રમે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ધો.૯ થી ૧૨ ની વિદ્યાર્થીનીઓ માટે પ્રોજેકટ શકિત દ્વારા યોગ્ય સમતોલ આહાર અને જરૂરી યોગ વડે સ્વસ્થ જીવન કઈ રીતે જીવી શકાય તેમજ ભવિષ્યમાં થનાર રોગો સામે કઈ રીતે રક્ષણ મેળવી શકાય તે અંગે પ્રોજેકટ શકિતના શકિનાબેન તથા રીટાબેન પંડયાએ શાળાની વિદ્યાર્થીનીઓને વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન આપેલ. તેમ સરસ્વતી વિદ્યાલયના આચાર્ય જે.ડી. ભાખરએ જણાવ્યું છે.

'સૌરાષ્ટ્ર ક્રાંતી'ની શુભેચ્છા મુલાકાતે પધારેલા વિધાનસભા–૭૦ના ધારાસભ્ય રમેશભાઇ ટીલાળા



લોકોની સેવા કરવાના ઉદ્દેશ સાથે રાજકારણમાં જોડાયોઃ રમેશ ટીલાળા

સતત લોકોની રજૂઆતો સાંભળી શકાય એ માટે મધ્યસ્થ કાર્યાલય ખોલવાની મહત્વની જાહેરાત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

રાજકોટ-૭૦ વિધાનસભા મત વિસ્તારમાંથી જંગી બહુમતી સાથે ચૂંટાઈ આવેલા ભાજપના ધારાસભ્ય અને રાજકોટ શહેરના અગ્રણી ઉદ્યોગપતિ રમેશભાઈ ટીલાળાએ પોતાના મત વિસ્તારની જનતાને એવી હૈયાધારણા આપી હતી કે, મારા મત વિસ્તારમાં લોકસેવાનો યજ્ઞ અવિરત ચાલુ રહેશે.

રમેશ ટીલાળા ગત વિધાનસભા ચૂંટણીમાં ૭૮૮૬૪ હજાર મતોની જંગી સરસાઈથી વિજેતા થયા હતા. તેઓ વ્યવસાયે ઉદ્યોગપતિ છે પરંતુ એમને હંમેશા લોકસેવાની લગની રહી છે. જરૂરિયાતમંદ લોકોની સહાય કરવી, લોકોના પ્રશ્નોને હલ કરવા માટે શક્ય તમામ પ્રયાસો કરવા એ એમનો જીવનમંત્ર રહ્યો છે અને લોકસેવાની લગન એમને રાજકારણમાં લઇ આવી છે.

સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક કાર્યાલયની શુભેચ્છા મુલાકાતે આવેલા ભાજપના ધારાસભ્ય રમેશ ટીલાળાએ જણાવ્યું હતું કે, લોકોની સેવા કરવાના ઉદ્દેશ્ય સાથે હું રાજકારણમાં જોડાયો. એટલે એ જીવનમંત્ર સાથે જ હું આગળ વધતો રહીશ અને લોકોના કામ કરતો રહીશ. એમનો આ સેવાયજ્ઞ રાજકારણમાં જોડાયા પહેલા પણ ચાલતો હતો. એટલે એમણે આ વિસ્તારની જનતાના હૃદયમાં હંમેશાથી અનોખું સ્થાન પ્રાપ્ત કરવાની સિદ્ધિ મેળવી છે. જેના કારણે તેઓ જયારે ભાજપની ટિકિટ પર ચૂંટણીના મેદાનમાં આવ્યા ત્યારે એમના વિજય વિશે એમના ટીકાકારો કે વિરોધીઓમાં પણ કોઈ મતભેદો ન હતા.

રમેશ ટીલાળાએ જણાવ્યું હતું કે, લોકો સાથે અને ખાસ કરીને પોતાના મત વિસ્તારની જનતા સાથે સતત સંપર્ક જળવાયેલો રહે અને લોકોના પ્રશ્નોની જાણકારી મળતી રહે એ માટે હું ખાસ વ્યવસ્થા ઉભી કરવા જઈ રહ્યો છું. લોકો પોતાના પ્રશ્નો અને ફરિયાદો લઈને આવી શકે એ માટે ૧૫૦ ફૂટ રીંગરોડ પર ટૂંક સમયમાં મારું મધ્યસ્થ કાર્યાલય ખુલ્લું મુકવામાં આવશે. જેથી કરીને લોકોને અલગ અલગ કોઈ જગ્યાએ રઝળપાટ કરવી ન પડે. તેઓ સીધા મારા કાર્યાલયે આવીને એમની સમસ્યા રજુ કરી શકે છે. રાજકોટ-૭૦ મત વિસ્તારમાં લોક સુવિધાઓ વધારવા સહિતના મહત્વના તમામ કામો આગળ ધપાવવાનો અને પોતાના મત વિસ્તારની કાયાકલ્પ કરવાનો સંકલ્પ તેમણે વ્યક્ત કર્યો હતો. પોતાના વ્યવસાયની વ્યસ્તતા હોવા છતાં એમનો નિર્ધાર અને લોકસેવાની ધગશ તથા લગનનો નિશ્ચય એમના ચહેરા પર સ્પષ્ટ વાંચી શકાતો હતો.(૨.૧૨)

વોર્ડ નં.૫માં ધારાસભ્ય ઉદય કાનગડનો સન્માન સમારોહ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

સાંસદ રામભાઇ મોકરીયા ઉપસ્થિત રહ્યા

શહેરના વોર્ડ-૫ ખાતે રાજકોટ પૂર્વ-વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, શહેર ભાજપ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, તેમજ ભાજપ અગ્રણી વલ્લભભાઈ દુધાત્રા, દીપકભાઈ પનારા સહીતના ઉપસ્થિત રહ્યા હતા. આ તકે વોર્ડ નં.૫ના ભાજપના પ્રમુખ દીનેશ ઘીયાળ દ્વારા ઉદય કાનગડનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ, તેમજ રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયાનું વોર્ડ-૫ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે રામભાઈ મોકરીયા, ઉદય કાનગડએ ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કરતા પ્રાશંગિક ઉદબોધન કરેલ હતું. આ કાર્યક્રમનું સંચાલન કિશોરભાઈ રાઠોડએ કરેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા મનસુખભાઈ પીપળીયાએ જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં દીનેશ ઘીયાળ, મુકેશ ધનસોતા, કોર્પોરેટર હાર્દીક ગોહેલ, પ્રીતીબેન પનારા, નીલેશ ખુંટ, સંજય ચાવડા,બાબુભાઈ માટીયા સહીત બહોળી સંખ્યામાં સંગઠનના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

કુવાડવા રોડ પોલીસ મથકની હદમાંથી ઝડપાયેલી નકલી દારૂની ફેકટરીના કેસમાં વધુ ત્રણ આરોપીઓની ધરપકડ

એસએમસીની તપાસમાં એક આરોપીનું નામ ખુલ્યું હતું, થોરાળા પોલીસે ત્રણ આરોપીઓને ઝડપી લીધા

રાજકોટ, તા.૩૧

કુવાડવા પોલીસ મથકથી ૨૦૦ મીટર દુર આવેલા શેડમાં ધમધમતી નકલી અંગ્રેજી દારૂ બનાવવાની મીની ફેકટરી એસએમસીએ ઝડપી લીધી હતી. એટલું જ નહીં આ શેડમાં અંગ્રેજી દારૂનો પણ વેપલો થતો હતો. આ પ્રકરણમાં મુખ્ય સુત્રધાર તરીકે હસમુખ શાકોરીયાનું નામ બહાર આવ્યું હતું.

જો કે આજ સુધી તે પકડાયો નથી. તેને પકડવા માટે છેલ્લા ઘણાં સમયથી થોરાળા પોલીસમથકના પીઆઈ ડો. કે.એલ.જેઠવા પણ મહેનત કરી રહ્યા હતા. આ દરમ્યાન તેમને આ કેસમાં વધુ ત્રણ આરોપીઓ પણ સંડોવાયેલા હોવાની માહિતી મળી હતી. આશ્ચર્યની વાત એ છે કે આ ત્રણેય આરોપીઓના નામ એસએમસીની તપાસમાં ખુલ્યા ન હતા. ઘણાં દિવસની દોડધામ બાદ થોરાળા પોલીસે આ ત્રણ આરોપીઓ લાલજી ઉર્ફે લાલો માવજી બારૈયા, નયન ઉર્ફે નયલો રવજી મુળીયા અને મહીપાલ ઉર્ફેમેપો દલસુખશાકોરીયાને ઝડપી લીધા છે.

આ ત્રણેય આરોપીઓની પુછપરછ બાદ થોરાળા પોલીસે વોન્ટેડ મુખ્ય આરોપી હસમુખની વાંકાનેર રોડ પર શિવધારા રેસીડેન્સીમાં ભાડે રાખેલી ઓફિસમાં દરોડો પાડી ત્યાંથી નકલી અંગ્રેજી દારૂ ભરવા માટે રાખવામાં આવેલી ૧૮૦ એમએલની ૪,૯૮૦ પ્લાસ્ટીકની ખાલી બોટલો કબ્જે કરી હતી.

અકિલાના તંત્રી અજિતભાઇ ગણાત્રાના ધર્મપત્ની વીણાબેનનું પરલોકના પંથે પ્રયાણ

વીણાબેનની ચિરવિદાયથી ગણાત્રા પરિવારમાં શોકનો સાગરઃ સ્વ. વીણાબેનની અંતિમયાત્રા આજે સાંજે ૫ વાગ્યે ગણાત્રા પરિવારના નિવાસ સ્થાન અકિલા, સદર મોટી ટાંકી પાસેથી નીકળશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા. ૩૧ :

અકિલાના તંત્રી અજીતભાઇ ગણાત્રાના ધર્મપત્ની શ્રીમતિ વીણાબેન (ઉ. ૭૦)નું આજે લાંબી બિમારી બાદ દુઃખદ અવસાન થતાં ઘેરા શોકની લાગણી છવાઇ ગઇ છે. શહેરની ખાનગી હોસ્પિટલ ખાતે તેઓ છેલ્લા કેટલાય દિવસથી કિડની સહિતની બિમારીની સારવાર હેઠળ હતા. કમનસીબે સઘન સારવાર કારગત ન નિવડતા આજે બપોરે તેમનો જીવનદિપ બુઝાય ગયો છે.

અકિલાના મોભી શ્રી કિરીટભાઇ ગુણવંતરાય ગણાત્રા, જલારામ જ્યોતના તંત્રી સુરેશભાઇ ગણાત્રા અને રાજેશભાઇ ગણાત્રાના ભાભી શ્રીમતિ વીણાબેન અજિતભાઇ ગણાત્રા તે અકિલાના એકઝીકયુટીવ એડિટર નિમીષ ગણાત્રાના કાકીએ દુનિયાને અલવિદા કરી છે. તેઓ શ્રીમતિ મીનાબેન હરિશભાઇ ચગ, શ્રીમતિ ભારતીબેન લલીતભાઇ સવજાણી, શ્રીમતિ ભાવનાબેન દિપકભાઇ નાગ્રેચા તથા શ્રીમતિ સ્મિતાબેન સુનિલભાઇ રાયચુરાના ભાભી હતા.

સ્વર્ગસ્થ વીણાબેન ખૂબ માયાળુ, લાગણીશીલ અને પરોપકારી સ્વભાવના હતા. તેઓ હનુમાનજી મહારાજના પરમ ઉપાસક હતા. ધાર્મિક પ્રવૃત્તિમાં ખૂબ રસ ધરાવતા હતા. તેઓ શ્રીજી ચરણમાં સમાય જતા ગણાત્રા પરિવાર, અકિલા પરિવાર તેમજ સગા સંબંધીઓ માટે દુઃખની અત્યંત કપરી વેળા આવી છે. પરિવાર જેનું મંદિર હતુ, સ્નેહ જેની શકિત હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતુ, પરમાર્થ જેની ભકિત હતી એવા વીણાકાકીની વસમી વિદાયથી કદી ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

રાજકોટમાં બ્રેસ્ટ કેન્સર અને સર્વિક્સ કેન્સર અંગે મહિલાઓ માટે યોજાનારો નિઃશુલ્ક કેન્સર જાગૃતિ કાર્યક્રમ

સરકારી કેન્સર હોસ્પિટલ તથા ગ્રીવા ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે વિશ્વ કેન્સર દિવસ નિમિત્તે આયોજન

રાજકોટ, તા.૩૧

રાજકોટમાં સૌરાષ્ટ્ર કેન્સર કેર એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (સરકારી કેન્સર હોસ્પિટલ) તથા ગ્રીવા ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે ''વિશ્વ કેન્સર દિવસ'' નિમિત્તે બ્રેસ્ટ કેન્સર અને સર્વિક્સ કેન્સર અંગે મહિલાઓ માટે નિઃશુલ્ક કેન્સર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમ તા.૪ ફેબ્રુઆરીને શનિવારના રોજ ICAI ભવન, ગિરિરાજ નગર મેઈન રોડ, રૈયા સર્કલ પાસે, રૈયા રોડ ખાતે સવારે ૧૦ કલાકથી બપોરે ૧૨ કલાક સુધી યોજાશે. કાર્યક્રમનો લાભ લેવા ઇચ્છુકે અહીં આપેલ લિંક પર નોંધણી કરવાની રહેશે.

રાજકોટ બહુમાળી ભવનની બિલ્ડીંગમાં કચેરીઓના સરનામા દર્શાવતું બોર્ડ મુકવાની ખાસ જરૂર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

રાજકોટ સ્થિત બહુમાળી ભવનની ૧૯ જેટલી કચેરીઓ સરનામા વગરની સાબિત થઈ છે કારણ કે, બહુમાળી ભવનના ગ્રાઉન્ડ ફ્લોર પર જે બોર્ડ દર્શાવ્યા છે તે સ્થળે કચેરીઓ કાર્યરત નહી હોવાનું સામે આવ્યું છે. બહુમાળી ભવન ખાતે ૧૦૦ થી વધુ સરકારી કચેરીઓ આવેલી છે.

આ બિલ્ડિંગમાં કઇ કચેરી ક્યા માળે આવેલી છે તેની વિગતવાર યાદી ગ્રાઉન્ડ ફ્લોર પર આપેલી છે.પરંતુ ઈમારતમાં ૭ માળ છે અને

કચેરી બદલાતા માળ અને બ્લોક નંબર બદલાઈ જતા હોય છે.જેનું સમયાંતરે અપડેશન થતું ન હોય લોકોને કચેરીઓ શોધવા માટે આમ તેમ દોડવું પડતું હોય છે. આ સમસ્યાને ધ્યાને લેતા ગ્રાઉન્ડ ફ્લોર પર મૂકેલા બોર્ડ મુજબ કચેરીઓની મુલાકાત લેવામાં આવી તો આશ્ચર્યજનક વિગતો ખૂલવા પામી હતી. જે અનુસાર આશરે ૧૯ કચેરીના સરનામા જ મળ્યા નહીં,જ્યારે ૫ જેટલી કચેરીઓનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું.જ્યારે અંદાજિત ૪ કચેરીઓ નવી હોવાનું જાણવા મળ્યું હતું.

અહીં રાજ્ય સરકાર દ્વારા ચાલતી યોજનાઓનો લાભ લેવા કે અન્ય કામો માટે દરરોજ બહારગામ અને શહેરના અનેક લોકો વિવિધ કચેરીઓમાં આવતા જતા રહે છે.અહીં બોર્ડમાં આ પ્રકારની અધૂરી માહિતીને કારણે લોકોને પરેશાની થતી હોવાથી બિલ્ડિંગમાં કચેરીઓના સાચા સરનામા દર્શાવતું બોર્ડ મૂકવાની ખાસ જરૂર છે તેમ અરજદારોએ જણાવ્યું હતું.

અડચણરૂપ વાહનોના મુદ્દે બે જૂથ વચ્ચે મારામારી, ૬ને ઈજા

પોલીસે બંને પક્ષના ૧૫ શખ્સ સામે ગુનો નોંધ્યો

રાજકોટ,તા.૩૧

શહેરમાં મારામારીનો વધુ એક બનાવ આજીડેમ ચોકડી પાસે બન્યો છે. જ્યાં અડચણરૂપ વાહન હટાવવાના મુદ્દે તું તું-મેં મેં થતા બે પાડોશીઓ ધોકા-લાકડી સાથે આમનેસામને આવી જઇ તોડફોડ, હુમલો કરતા વાતાવરણ તંગ બની ગયું હતું. જેમાં ચંપાબેન, રામુભાઇ, સુખદેવ તેમજ સામેના જૂથમાં હિતેશ જયરાજ, રણછોડને ઈજા થતા હોસ્પિટલ ખસેડાયા હતા. પોલીસે ચંપાબેન કિશોરભાઈની ફરિયાદ પરથી કાળુ રબારી, અશ્વિન રબારી, હિતેશ રબારી અને તેમની સાથેના ચાર અજાણ્યા શખ્સે લાકડી, ધોકાથી હુમલો કરી ઈજા પહોંચાડ્યાની અને તેમના વાહનો પર પથ્થરમારો કરી નુકસાન કર્યાની ફરિયાદ નોંધાવી છે. જ્યારે સામા પક્ષે હિતેશ સવશીભાઇ રાઠોડે કિશોર, સુખા કિશોર, મહેન્દ્ર મીઠા, વિશાલ પુના, રામુ લકુમ, પવો કડી, નીતિશ ભૈયો અને વિરમ પુના સામે વાહનોમાં તોડફોડ કરી પથ્થરના છૂટા ઘા કરી તેમજ ઢીકાપાટુનો માર મારી ઈજા પહોંચાડ્યાની વળતી ફરિયાદ નોંધાવી છે. પીએસઆઇ પી.એમ. રાઠવા સહિતના સ્ટાફે બંને જૂથની ફરિયાદ પરથી ૧૫ શખ્સ સામે ગુનો નોંધી ધરપકડની તજવીજ હાથ ધરી છે.

ગોંડલ રોડ પર નેકસા મારૂતિના શો-રૂમમાં તસ્કરો ત્રાટકયા

શો-રૂમના પતરા ઊંચકાવી POP તોડી ચોર અંદર ઘુસ્યાઃત્રણ ડીવીઆર અને રોકડ સહિત રૂ.૩૩ હજારની ચોરીઃ માલવીયાનગર પોલીસે મુખ્ય માર્ગોના સીસીટીવી ફુટેઝ મેળવી તપાસ આદરી

રાજકોટ,તા.૩૧

રાજકોટના ગોંડલ રોડ પર આવેલા નેકસા મારૂતિના શો-રૂમમાં પતરા ઊંચકાવી પીઓપી તોડી શા-રૂમમાંથી રોકડ,ડીવીઆર મળી રૂ.૩૩,૬૩૫ની ચોરી થઈ હોવાની ફરિયાદ માલવીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

વધુ વિગતો મુજબ,મવડી ચોકડી પાસે ઉદયનગરમાં રહેતા રાકેશભાઈ માધાભાઈ ફળદુ(ઉ.વ.૩૩) એ ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું ગોડલ રોડ પરફેકટ ઓટો સર્વિસ નેકસા મારૂતી ના શો-રૂમમાં વર્કશોપ મેનેજર તરીકે છેલ્લા પાંચ વર્ષ થી ફરજ બજાવું છુ.ગઇ તા.૨૬ ના રોજ સવારે ફરજ ઉપર આવ્યો ત્યારે મારી ફરજનો સમય પૂર્ણ થતા હું મારા ઘરે જતો રહ્યો હતો અને તા.૨૩/૦૧ ના રોજ સવારે હું મારી ફરજ ઉપર હતો.

ત્યારે અમારા વર્કશોપમાં કામ કરતા નીકોલસભાઈ એ મને તથા સાથે કેશીયરમાં કામ કરતા રાજેશભાઈને જાણ કરી કે, મે ઓફિસમાં પંચીગ કરવા ઓફીસ ખોલતા અને જોયુ તો કેમેરાના તથા સી.સી.ટી.વી ડી.વી.આરના વાયર કપાયેલા હતા.તેમજ વાત કરતા હું તથા નિકોલસભાઈ અને કેસીયર રાજેશભાઈ એમ અમો ત્રણેય જણાઓ વર્કશોપમાં અંદર ગયેલ અને જોયેલ તો અ મારો કેસીયર રાજેશભાઈ જ્યાં બેસે છે.તે ટેબલનું ડ્રોવર તૂટેલું હતું અને તે ડ્રોવરમાં સર્વિસબીલના આવેલા રૂ.૮,૩૩૫ જે રાજેશભાઈએ ગઇ તા.૨૬/૦૧ ના રોજ રાખેલ રૂપિયા જોવામાં આવ્યા નહી.

શો-રૂમ માં અંદર કેબીનમાં રાખેલ ડીવીઆર તેમજ અન્ય બન્ને ડીવીઆરએક ડીવીઆર ની કિ.રૂ.૧૦,૦૦૦ ની થાય જે કિ.રૂ.૨૦,૦૦૦ ની ચોરી થઈ હોવાનુ જાણવા મળ્યું હતું.ત્યારબાદ અમારે ત્યા કામ કરતા ચેતનભાઈ વીરડીયા ને પણ ચોરીની જાણ કરી હતી અને તે શો-રૂમમાં આવી જતા તેણે પણ તેની શો-રૂમનીઓફીસ ઉપરના માળે આવેલી છે.તેમાં જોતા તેમનું પણ કાઉન્ટર તુટેલું જોવામાં આવ્યું હતું.તેના પણ કેશ કાઉન્ટરમાં તા.૨૬/૦૧ ના રાત્રીના શો-રૂમ ની નવી ગાડીના વેચાણના રાત્રીના બંધ કરતી વખતે રાખેલા રૂ.૫,૩૦૦ જોવામાં આવેલ નહીં.ત્યારબાદ અમો શો-રૂમ માં ચોરી કઇ રીતે થઇ તે જોવા ગયા હતા.

શો-રૂમના ઉપરના માળે છતમાં પી.ઓ.પી લગાવેલ છે.તેની ઉપર પતરા રાખેલ છે.જે પતરા ના નટબોલ ખોલી પતરા ઉંચા કરી અંદર પીઓપી તોડી આવેલનુ અમોને જોવામાં આવેલ તેમજ ઉપરના માળે શો-રૂમનો કાચ પણ ટુટેલો જોવામાં આવ્યો હતો. શો-રૂમમાંથી કુલ રૂ.૩૩,૬૩૫ ની કોઇ શખ્સ ચોરી કરી લઇ ગયાનું જાણવા મળતા માલવીયા નગર પોલીસમાં ફરિયાદ કરતા પીએસઆઈ બી.બી.રાણા સહિતના સ્ટાફે કાર્યવાહી કરી હતી.

પીજીવીસીએલનાં ગોડાઉનમાં ત્રણ વીજપોલની ચોરી, એક સકંજામાં

રાજકોટઃ દુધસાગર રોડ પર જુના પાવર હાઉસમાં કમ્પાઉન્ડમાં સ્થિત ગોડાઉનમાંથી તસ્કરો રૂા.૩૬ હજારની કિંમતનાં લોખંડના ત્રણ પોલની ચોરી હતી. પો કોન્ટ્રાકટ હેઠળ નોકરી કરતાં નિલેશ વાલજીભાઈ ચાવડા (રહે. કોઠારીયા ચોકડી, મુળ પારેવાડા, તા.રાજકોટ) એ ચોરી કર્યાનું ખુલતા થોરાળા પોલીસે કેન્ટ્રાકટર વિપુલ કનેરીયા (ઉ.વ.૪૦, રહે. સિલ્વર ગોલ્ડ રેસીડેન્સી,, નાના મવા રોડ) ની ફરિયાદ પરથી ગુનો દાખલ કરી નિલેશને સકંજામાં લઈ પુછપરછ શરૂ કરી છે. સમગ્ર કામગીરી થોરાળા પી.આઈ. ડો. એલ.કે. જેઠવા તેમજ પીએસઆઇ એચ.એન.ગઢવી સહિતના કર્મચારીઓ દ્વારા કરવામાં આવી હતી.

ઓફીસ ભાડે આપવાની છે

ગોડલ રોડ પર, રામ ચેમ્બર્સ, પહેલો માળ, ફનિચર સાથે ઓફીસ ભાડે આપવાની છે. ભાડુ રૂ.૬૦૦૦

સંપર્કઃ ૯૮૨૫૩ ૧૭૬૦૭

શહેરમાં મેટ્રો સીટી જેવી સુવિધા આપવીએ તંત્ર માટે પડકાર તેને પહોંચી વળવા મનપા પ્રયત્નશીલઃ મ્યુ.કમીશનર અરોરા

સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કર પટેલને બજેટ રજુ કરતા મ્યુનિસિપલ કમિશનર અમિતકુમાર અરોરા

રાજકોટ મહાનગરપાલિકાનું સને ૨૦૨૨–૨૩નું રીવાઇઝ્ડ અંદાજપત્ર તથા સને ૨૦૨૩–૨૪નું અંદાજપત્ર સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલને આજે તા.૩૧ના રોજ મ્યુનિસિપલ કમિશનર અમિતકુમાર અરોરા દ્વારા રજુ કરી સ્થાયિ સમિતિ સમક્ષ મુકવામા આવેલ.આ પ્રસંગે મેયર ડો.પ્રદીપભાઈ ડવ, શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મિરાણી, શાસક પક્ષ નેતા વિનુભાઈ ધવા, શાસક પક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા તથા સ્ટેન્ડિંગ કમિટી સભ્ય મનીષભાઈ રાડીયા, જયમીનભાઇ ઠાકર, બાબુભાઈ ઉધરેજા, ચેતનભાઈ સુરેજા, નીતિનભાઈ રામાણી, ડો.અલ્પેશભાઈ મોરજરીયા, નયનાબેન પેઢડીયા, ભારતીબેન પરસાણા, ભારતીબેન પાડલીયા તથા દુર્ગાબા જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.

તસવીરઃ દિલીપ ગોહેલ

પત્રકાર પરિષદમાં બજેટની વિસ્તૃત વિગત આપતા મ્યુનિ. કમિશનર અરોરા

(સૌરાષ્ટ્રક્રાંતી કાર્યાલય)

રાજકોટ તા. ૩૧ :

મનપાનું વર્ષ ૨૦૨૩-૨૪નું બમણા પાણી વેરા અને નવા પર્યાવરણ વેરા વધારાના આંકડા કરવેરા સહિત કુલ ૧૦૧ કરોડનું કરબોજવાળુ સામાન્ય બજેટ આજે મ્યુનિ. કમિશનર અમિત અરોરાએ સવારે ૧૦ વાગ્યે સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેન પુષ્કર પટેલને સુપ્રત કર્યું હતું. મ્યુનિ. કમિશનર અરોરાએ બજેટની વિસ્તૃત વિગત પત્રકાર પરિષદમાં રજૂ કરતા જણાવ્યું હતું કે, રાજકોટ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નામના મેળવી રહ્યું છે ત્યારે શહેરમાં મેટ્રો સીટી જેવી સુવિધા આપવી એ તંત્ર માટે પડકાર છે ત્યારે મનપાએ આ પડકારને પહોંચી વળશે તેવી આશા સાથે વર્ષ ૨૦૨૩-૨૪નું આ બજેટ રજૂ કર્યું છે. આ ઉપરાંત મ્યુ. કમિશનરે અંદાજપત્રમાં શહેરની રેસીડેન્સીયલ તથા કોમર્શિયલ મિલ્કતોના વેરામાં પણ અનુક્રમે રૂા. ૨ અને રૂા. ૩નો વધારો પ્રતિ સ્કે.મીટરે સુચવ્યો છે. જેથી મિલ્કતો મોંઘીદાટ થવાની શક્યતાઓ છે.વધુમાં અમિત અરોરાએ જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકાના આગામી નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટનો કેન્દ્રીયવર્તીય વિચાર (થીમ) 'નિર્મલ રાજકોટ' અનુસાર 'જળ, વાયુ અને થલ' એમ ત્રિક્ષેત્રીય શુધ્ધતા અને સ્વચ્છતા પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરે છે. કુલ ૨૫.૮૨ અબજના બજેટમાં પાણી વેરો ત્રણગણો, ગાર્બેજ અને મિલ્કત વેરામાં ભમણો વધારો કરવાની ફરજ પડી છે. કેમકે પાણી પાછળ ૧૫૬ કરોડનો થઇ જાય છે તેની સામે પાણી વેરાની આવકમાત્ર ૨૭% જેટલી જ થાય છે. કુલ ૨૫૮૬.૮૨ કરોડના આ બજેટમાં ૧૦૧ કરોડનો કરબોજો દર્શાવાયો છે.

બજેટની કર દરખાસ્તો અંગે મ્યુ. કમિશનર અમિત અરોરાએ જણાવેલ કે, પાણી વેરો ૮૪૦ લેવામાં આવે છે તેનો ત્રણગણો એટલે કે દર મહિને ૨૦૦ રૂપિયા વર્ષે રૂા. ૨૪૦૦ રેસીડેન્સીમાં અને કોમર્શિયલમાં રૂા. ૧૬૮૦ના રૂા. ૪૮૦૦નો વાર્ષિક વેરો વસૂલવા સૂચવાયું છે. જ્યારે મિલકત વેરામાં રેસીડેન્સીમાં પર ચો.મી. ૧૧ લેવામાં આવે છે તે હવે રૂા. ૧૩ તથા કોમર્શિયલમાં રૂા. ૨૨ના રૂા. ૨૫ લેવા દરખાસ્ત કરાઇ છે. આ ઉપરાંત ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન રહેણાંક મિલકતો માટે વાર્ષિક રૂા. ૭૩૦ (પ્રતિ દિન રૂા. ૨) તથા બિનરહેણાંક મિલ્કતો માટે વાર્ષિક ૧૪૬૦ (પ્રતિ દિન રૂા. ૪) તથા ખુલ્લા પ્લોટના ૫૦૦ ચો.મી. સુધીના ૨૮ ચો.મી. તથા ૫૦૦ ચો.મી.થી વધુ ક્ષેત્રફળના ખુલ્લા પ્લોટમાં વાર્ષિક રૂા. ૪૨ ચો.મી. તેમજ વર્ષ દરમિયાન કોઇપણ સમયમર્યાદામાં વાણિજ્ય હેતુ માટે ઉપયોગ થતો હોય તેવા પ્લોટ માટે વાર્ષિક રૂા. ૫૬ ચો.મી. વસૂલવા સૂચવામાં આવે છે. શહેરના થિયેટર ટેકસ પ્રતિ સો રૂા. ૧૦૦ વસુલવામાં આવે છે તેની બદલે હવે નવા નાણાકીય વર્ષથી થિયેટર ટેકસ પ્રતિ શો રૂા. ૧૦૦૦ લેખે નિયત કરી વસૂલવાની દરખાસ્ત છે.

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪થી એન્વાર્યમેન્ટ ચાર્જ વસુલવાની દરખાસ્ત સૌ પ્રથમ વખત કરવામાં આવી છે. જેમાં કોમર્શિયલ મિલ્કતોનો કાર્પેટ એરીયા ૫૦ ચો.મી.થી વધુ હોય તેવી મિલકતોના સામાન્ય કરના ૧૩ ટકા લેખે નિયત કરી વસુલવાની જોગવાઇ સુચવવામાં આવી છે.

શહેરમાં નવા ભળેલા તથા વિકસી રહેવા નવા વિસ્તારોમાં નાગરિકોને માળખાકીય પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા તથા જુના વિસ્તારોમાં રહેતી હયાત માળખાકીય સુવિધાઓ મેન્ટેન કરવા જરૂરી આયોજન કરવામાં આવે છે. શહેરના જામનગર રોડ પર આવેલા સાંઢીયા પુલ જુનો જર્જરીત થયેલો હોય જે નવો બનાવવો જરૂરી છે. ૨૦૨૩-૨૪ના બજેટમાં રૂા. ૨૭.૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવે છે. શહેરના ઢેબર રોડ તથા ગોંડલ રોડ પીડીએમ ફાટક પર અન્ડર બ્રીજ બનાવાશે. શહેરના કાલાવડ રોડ પર કટારીયા ચોકડી ખાતે ટ્રાફીકનું ભારણ હળવું કરવા બ્રીજ બનાવવા પ્રી-ફીઝીબિલીટી રીપોર્ટ અને પ્રાથમિક એસ્ટીમેટ તૈયાર કરવાનું આયોજન છે.આ ઉપરાંત વિવિધ વિસ્તારોમાં રસ્તાઓ, ડસ્ટ ફ્રી રોડ, વોટર સપ્લાય, વોર્ડ ઓફિસ, ટ્રેનેજ, આધાર કેન્દ્ર, કોમ્યુનિટી હોલ, એનિમલ હોસ્ટેલ તથા પશુ સ્મશાન સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે.

થિયેટર વેરામાં ૧૦ ગણો વધારો

આ સાથે રાજકોટની જનતા માટે હવે ફિલ્મ જોવા પણ મોંઘા થશે કારણ કે મહાનગરપાલિકા દ્વારા થિયેટર વેરામાં ૧૦ ગણો વધારો ઝીકવામાં આવ્યો છે. મનપા કમિશનરના જણાવ્યા મુજબ છેલ્લે વર્ષ ૨૦૧૬–૧૭ માં થિયેટર ટેક્સના દરમાં સુધારણા કરવામાં આવેલ જે મુજબ સને ૨૦૨૨–૨૩ સુધી પ્રતિ શો રૂ.૧૦૦ લેખે વસૂલવામાં આવે છે. સિનેમાદારો દ્વારા જે પહેલા સિંગલ સિનેમા ઘર હતાં. હવે મલ્ટિપ્લેક્સ થઇ ચુક્યા છે તેમજ ફિલ્મો માટે ટીકીટના દરોમાં ધરખમ વધારો વખતોવખત થયેલ છે. અને સિનેમા હોલ ખાતે ઉપલબ્ધ કરાતી સેવાઓ જેવી કે કેન્ટીન, ગેમિંગ ઝોન, રેસ્ટોરન્ટ વગેરેનાં દરોમાં પણ સિનેમા ઘરો દ્વારા ધરખમ વધારો કરવામાં આવેલ છે. માટે આ બાબતો ધ્યાને લઈ નાણાંકીય વર્ષ ૨૦૨૩–૨૪થી થિયેટર ટેક્સ પ્રતિ શો રૂ.૧૦૦૦ લેખે નિયત કરી વસુલવાની દરખાસ્ત કરવામાં આવી છે.

નવી મોટી યોજનાઓ જાહેર નહીં

રાજકોટ મહાનગર પાલિકાના નવા વર્ષના બજેટમાં ખાસ કોઇ નવી મોટી યોજનાઓ જાહેર કરવામાં નથી આવી પરંતુ રાજકોટવાસીઓ ઉપર પાણીવેરા અને મિલકત વેરામાં વધારો જીકી કરબોજ વાળું બજેટ આપવામાં આવ્યું છે. લાંબા સમય બાદ વેરા વસુલાતમા ફેરફાર કરી કરબોજ આપવામાં આવતા હવે સ્ટેન્ડીંગ કમિટિ આ બજેટ અભ્યાસ કર્યા બાદ મંજુર કરશે કે પછી કોઇ મહત્વના ફેરફાર કરશે તે જોવું રહ્યું?

શું થશે નવું?

- વોર્ડ નંબર ૧૨માં ૧ કરોડના ખર્ચે નવી લાઇબ્રેરી બનાવવામાં આવશે
- ૧૦૦ બસની ખરીદી કરવામાં આવશે
- ૭ કરોડના ખર્ચે ઇલેક્ટ્રિક બસ માટે ચાર્જિંગ સ્ટેશન બનાવવામાં આવશે
- અર્બન હેલ્થ સેન્ટર ખાતે નવા ૪ ડાયાલિસીસ યુનિટ ૮૦ લાખના ખર્ચે કરવામાં આવશે
- વોર્ડ નંબર ૧૧માં ૧૨૩૦૩ ચોરસ મીટર વિસ્તારમાં બગીચાનું નિર્માણ કરવામાં આવશે
- એશિયાટિક લાયન સફારી પાર્ક બનાવવામાં આવશે
- વોર્ડ નંબર ૧૨માં આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ

ઝૂલતા પુલ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા મૃતકોના પરિવારો સતત એકસૂરે જયસુખ પટેલની ધરપકડની માગ કરી રહ્યા હતા ત્યારે

ઓરેવા ગ્રુપના એમડી જયસુખ પટેલની કોર્ટમાં શરણાગતિ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

મોરબી.તા.૩૧

ઝૂલતા પુલ દુર્ઘટના મામલે કોર્ટમાં ચાર્જશીટ રજુ થઇ ચુકી છે અને વધુ સુનાવણી તા. ૧ના રોજ થવાની છે. તેમજ જયસુખ પટેલની આગોતરા જામીન અરજીની સુનાવણી પણ ૧ ફેબ્રુઆરીના રોજ થવાની હતી. તે પૂર્વે જ આજે જયસુખ પટેલે કોર્ટ સમક્ષ હાજર થઈને સરેન્ડર કર્યું છે. ઝૂલતા પુલ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા મૃતકોના પરિવારો સતત એકસૂરે જયસુખ પટેલની ધરપકડની માગ કરી રહ્યા હતા. ત્યારે હવે જયસુખ પટેલ કોર્ટ સમક્ષ રજુ થઇ ગયા છે. કોર્ટના આદેશ બાદ તેમની ધરપકડ થઇ શકે છે અને આગળની કાર્યવાહી કરવામાં આવી શકે છે.

મોરબી ઝૂલતો પુલની ગોઝારી દુર્ઘટનામાં ૧૩૫ નિર્દોષ માનવ જિંદગી હોમાઈ ગયા બાદ પોલીસે નોંધી પોલીસે નવ આરોપીની ધરપડક કરી હતી. જે તમામ આરોપીઓના સેશન્સ કોર્ટ અને હાઈકોર્ટે જામીન નામંજૂર કરેલા. જેથી તમામ આરોપી હાલ જ્યુડીશ્યલ કસ્ટડી હેઠળ મોરબી સબ જેલમાં છે. જે કેસની તપાસમાં ઝુલતા પુલનું સંચાલન કરતી ઓરેવા ગ્રુપના એમડી જયસુખભાઈ પટેલ વિરુદ્ધ તપાસ દરમિયાન પૂરતા પુરાવા મળી આવ્યા હતા. જેથી તેમના સંભવિત આશ્રય સ્થાનો પર તપાસ કરાવતા મળી આવ્યા ના હોવાથી નામદાર કોર્ટ દ્વારા સીઆરપીસી કલમ ૭૦ મુજબનું વોરંટ મેળવ્યું છે. તેમજ અટક કરેલા નવ આરોપીઓ વિરુદ્ધ નામદાર કોર્ટમાં આજે ચાર્જશીટ નંબર ૩૦/૨૦૨૩ તથા સી.સી.નંબર ૬૭૫/૨૦૨૩થી દાખલ કરવામાં આવેલી છે. જે ચાર્જશીટમાં ઓરેવા ગ્રુપ મોરબીના મેનેજિંગ ડિરેક્ટરને લાલ શાહીથી દર્શાવવામાં આવેલા છે. જે ચાર્જશીટમાં કુલ ૩૬૭ ઈસમોને સાહેદો તરીકે દર્શાવવામાં આવ્યા છે. કુલ ૧૨૬૨ પેજનું ચાર્જશીટ રજુ કરવામાં આવ્યું છે.

મોરબી ઝૂલતો પુલના મેન્ટેનન્સ અને મેનેજમેન્ટની જવાબદારી ઓરેવા ગ્રુપને આપવામાં આવી હતી અને ઝૂલતો પુલનું રીનોવેશન કરવામાં આવ્યા બાદ પાંચ દિવસમાં જ ઝૂલતો પુલ તૂટી પડ્યો હતો. જેમાં ૧૩૫ લોકોના મોત થયા હતા. જે બનાવ મામલે મૃતકોના પરિવારો દ્વારા ઓરેવા ગ્રુપના એમડી જયસુખ પટેલ સામે કાર્યવાહી કરવાની માગ કરવામાં આવી હતી.

ઓરેવા ગ્રુપના મેનેજર સહિત નવ આરોપીને ઝડપી લીધા હતા અને ગુના અંગે કોર્ટમાં ચાર્જશીટ રજુ કરવામાં આવી હતી. જે ચાર્જશીટમાં ઓરેવા ગ્રુપના એમડી જયસુખ પટેલનું નામ ભાગેડુ આરોપી તરીકે ઉમેરવામાં આવ્યું હતું. તો ચાર્જશીટ રજુ થયા બાદ આજે પ્રથમ સુનાવણી મોરબીની કોર્ટમાં શરુ થવા જઈ રહી છે. જે પ્રથમ સુનાવણીમાં આ ગુનામાં ઝડપાયેલા નવ આરોપીઓને ચાર્જશીટની એક એક નકલ આપવામાં આવશે. ત્યારે આજની સુનાવણી પર સૌ કોઈની નજર છે. સાથે જ જયસુખ પટેલે કરેલી આગોતરા જામીન અરજી અંગે પણ ૧ ફેબ્રુઆરીના રોજ સુનાવણી થવાની છે. ત્યારે ઝૂલતો પુલ દુર્ઘટનામાં હવે પ્રતિ દિન નવા ધડાકા થવાની સંભાવના રહેલી છે. મોરબી પોલીસે ઝૂલતો પુલ દુર્ઘટનામાં આજે પોલીસે ચાર્જશીટ ફાઈલ કરી છે. મોરબી સીટી બી-ડિવિઝન પોલીસ મથકના ગુના નં ૨૦૦૩/૨૦૨૨ની ઈ.પી.કલમ ૩૦૪, ૩૦૮, ૩૩૬, ૩૩૭, ૩૩૮ અને ૧૧૪ મુજબ ગુનો

ઓરેવા ગ્રુપના એમડી વિરુદ્ધ ધરપકડ વોરંટ ઇશ્યુ કરાયું હતુ

ઝૂલતા પુલ દુર્ઘટનામાં ઓરેવા ગ્રુપના એમડી જયસુખ પટેલ વિરુદ્ધ કોર્ટ દ્વારા ધરપકડ વોરંટ ઇશ્યુ કરવામાં આવ્યું હતું. જયસુખ પટેલે કરેલી આગોતરા જામીન અરજીમાં મુદ્દત પડી હતી અને હવે આવતી કાલે વધુ સુનાવણી હાથ ધરવામાં આવે તે પહેલા આજે જયસુખ પટેલે સરેન્ડર કરી દીધું છે.

જયસુખ પટેલની આગોતરા જામીન અરજીમાં મુદ્દત પડી હતી

મોરબી ઝૂલતા પુલ દુર્ઘટના મામલે જયસુખ પટેલ દ્વારા આગોતરા જામીન માટે અરજી કરવામાં આવી હતી. જેને લઇને આગોતરા જામીન અરજી પર મોરબીની સેસન્સ કોર્ટમાં સુનાવણી હતી. આ સુનવણીમાં પોલીસ દ્વારા મુદ્દત માંગવામાં આવતા તેને ધ્યાને લઈ કોર્ટે આગામી સુનવણી પહેલી તારીખ પર રાખવામાં આવી હતી. મૃતકોના પરિવાર વતી એડવોકેટ દિલીપભાઈ અગેચાણીયાએ જામીન અરજીની સુનવણી સમયે પોતાને સાંભળવા માટે અરજી કરી હતી. ત્યારે આજે જયસુખ પટેલે સરેન્ડર કર્યું હતું.

જીપીએસ સીસ્ટમ લગાડી લકઝરી વાહનો ગીરવે કે વેચાણ કરી ઉઠાંતરી કરતી ગેંગ ઝડપાઈ

આરોપી લકઝરીયસ કારમાં જી.પી.એસ. સીસ્ટમ લગાડી સસ્તા ભાવે વેચી–ગીરવે આપી પાછળથી જી.પી.એસ. સીસ્ટમની મદદથી વાહન ટ્રેક કરી બીજી ચાવીની મદદથી કાર ઉઠાવી લઇ અન્ય જગ્યાએ સસ્તા ભાવે વેંચાણ–ગીરવે આપતો હતો

આરોપીએ અન્ય કાર ઉપાડવાની પેરવીમાં હોય તે પહેલા કુલ–૯ કાર તથા અન્ય મુદ્દામાલ મળી કિ.રૂા.૫૩,૬૧,૦૦૦ ના મુદ્દામાલ સાથે આરોપીની ધરપકડ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ.તા.૩૧

રાજકોટ શહેર અને ગુજરાત ભરમાં લકઝરી કારમાં જીપીએસસી સીસ્ટમ લગાવી સસ્તામાં વેચાણ કરી કે ગીરવે મુકી મોટી રકમ ખંખેરી લીધા બાદ બીજી ચાવીની મદદથી આ કારની ચોરી કરી અન્ય જિલ્લામાં વેચાણ કરતી ગેંગ છેલ્લા ઘણા સમયથી ગુજરાતભરમાં સક્રિય બની હોય આ ગેંગને ઝડપી લેવામાં કાઈમ બ્રાંચની ટીમને સફળતા મળી છે. પીઆઈ બી ટી ગોહીલના માર્ગદર્શન હેઠળ કાઈમ બ્રાંચની ટીમે નવ લકઝરી કાર સહિત રૂા.૫૩.૬૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વાહન ઉઠાવના ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ અંગેની માહિતી મુજબ રાજકોટ શહેરમાં લકઝરી વાહનોની ઉઠાંતરી કરતી ગેંગ સક્રિય બની હોય જેના પગલે ડીસીપી કાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહીલની સુચનાથી સાઈબર કાઈમના એસીપી એમ બી રબારી, અને કાઈમ બ્રાંચના પીઆઈ બી ટી ગોહીલના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ સાકરીયા, હેડકોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિહ, ફીરોજ શેખ, જયપાલભાઈ આહીર સહીતની ટીમે બાતમીદારોનું નેટવર્ક કામે લગાડયુ હતુ. તે દરમિયાન રાજકોટ શહેરમાં એક શખ્સ અલગ અલગ સ્થળોએ લકઝરી કાર સસ્તામાં વેચાણ કરી કે કોઈની પાસે ગીરવે મુકી જીપીએસ સીસ્ટમથી ટ્રેક કરી અન્ય ચાવીથી વાહનની ઉઠાંતરી કરી નાશી જતો હોય કાઈમ બ્રાંચની ટીમે અમદાવાદની આ ચીટરગેંગનો પર્દાફાશ કર્યો હતો. જેનો મુખ્ય આરોપી ઈમ્તીયાઝ ઉર્ફે બોબડો યુનુસ ચોરા તથા હુશેનખાન ઉર્ફે બાબાખાન પઠાણ, રીઝવાન આફીઝ રસીક શેખ, સહીતના શખ્સો આ વાહનોની ઉઠાંતરી કરતા હોય જેમાં મુખ્ય સુત્રધારા ઈમ્તીયાઝ ઉર્ફે બોબડો ને કાઈમ બ્રાંચની ટીમે દબોચી લઈ અલગ અલગ લકઝરી કાર મળી રૂા.૫૩.૬૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ ગેંગના અન્ય સાગ્રીતોમાં હુશેનખાન ઉર્ફે બાબાખાન પઠાણ અને રીઝવાન હાફીઝ શેખ સહીત અન્ય ત્રણ શખ્સોની પોલીસે શોધખોળ શરૂ કરી છે.આરોપીઓ લોન વાળી કાર સસ્તા ભાવે ગીરવે રાખી અને બજાર કિંમત કરતા આશરે અડધા ભાવે કાર ના કાગળો વગર કારમાં જી.પી.એસ. સીસ્ટમ લગાવી વેચાણ કરી આપી અને અમુક સમય બાદ તે જ કારને ટ્રેક કરી બીજી ચાવી વડે ઉઠાંતરી કરી અન્ય જગ્યાએ સસ્તા ભાવે વચાણ કરી આપવાની એમ.ઓ ધરાવે છે. આરોપીઓ કાર ભાડે રાખી સદર ભાડે રાખેલ કારમાં જી.પી.એસ. લગાવી બાદ અન્ય વ્યકતાને કાગળો વગર સસ્તા ભાવે વેચી અને અમુક સમય બાદ તે જ કારને ટ્રેક કરી બીજી ચાવી વડે ઉઠાંતરી કરી મુળ માલીકને પરત આપવાની એમ.ઓ, ધરાવતા હતા.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.